અંક બંધ રહેશે

દિવાળી પર્વને અનુલક્ષીને તા.૧૦/૧૧/૨૦૨૬ થી ૧૩/૧૧/૨૦૨૬ સુધી સંજોગ ન્યૂઝ કાર્યાલય રજા પાળશે. જેથી તા.૧૧/૧૧/૨૦૨૬ થી તા.૧૪/૧૧/૨૦૨૬ સુધીનો અંક પ્રકાશિત થશે નહિ. તા.૧૫/૧૧/૨૦૨૬ના રોજથી રાબેતા મુજબ અખબાર પ્રકાશિત થશે. જેની વાંચકો, એજન્ટ મિત્રો અને વિતરકોએ નોંધ લેવી.

- મેનેજમેન્ટ

Happy New Year

સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year-10 | Issue-41 | AD-2026, Kartak Vad-01 | Tuesday, Dt.10-11-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 + 08 Price : Rs.3-00









સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
સોમવાર, તા.૦૯-૧૧-૨૦૨૬

સાવરકુંડલામાં સ્થાનિક વેપારીઓ પાસેથી ખરીદી કરી મહેશ કસવાલાએ 'વોકલ ફોર લોકલ'નો સંદેશ આપ્યો

સાવરકુંડલા, તા. ૦૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'વોકલ ફોર લોકલ'ના સંકલ્પને સાકાર કરવા સાવરકુંડલા-લીલીયા વિસ્તારના ધારાસભ્ય મહેશ કસવાલાએ સ્થાનિક બજારને પ્રોત્સાહન આપવા અનોખી પહેલ કરી હતી. તેમણે સાવરકુંડલા શહેરની વિવિધ સ્થાનિક દુકાનોની મુલાકાત લઈ નાના વેપારીઓ પાસેથી વિવિધ ચીજવસ્તુઓની ખરીદી કરી હતી. આ પ્રસંગે શહેર



ભાજપ પ્રમુખ અનિરુધ્ધસિંહ રાઠોડ, નગરપાલિકા પ્રમુખ નયનાબેન કાપડિયા સહિત ટીમ સાવરકુંડલાના સભ્યો પણ જોડાયા હતા. આ પહેલના માધ્યમથી સ્થાનિક વેપારીઓને પ્રોત્સાહન આપવાનો અને નાગરિકોમાં સ્થાનિક બજારમાંથી ખરીદી કરવાની ભાવના કેળવવાનો સંદેશ આપવામાં આવ્યો હતો. ધારાસભ્ય મહેશ કસવાલાએ નાગરિકોને અપીલ કરતાં જણાવ્યું હતું કે, તહેવારો દરમિયાન તેમજ રોજિંદી ખરીદીમાં સ્થાનિક વેપારીઓને પ્રાથમિકતા આપવી જોઈએ. સ્થાનિક દુકાનોમાંથી ખરીદી કરવાથી નાના વેપારીઓના વ્યવસાયને વેગ મળશે અને અનેક પરિવારોની આજીવિકા મજબૂત બનશે. સ્થાનિક વેપારીઓને સહયોગ આપવો એ શહેરના આર્થિક વિકાસમાં મહત્વપૂર્ણ ભાગીદારી છે.

અમરેલી પોક્સો કોર્ટ દ્વારા પોલીસકર્મી રવિરાજસિંહ ચૌહાણને ૨૦ વર્ષની કેદ અને રૂ. ૪ લાખ નાવળતરનો આદેશ

અમરેલી,તા.૦૮

અમરેલીની સ્પેશિયલ પોક્સો અદાલતે ૧૪ વર્ષની માસુમ સગીરા પર દુષ્કર્મ આચરવાના ગંભીર ગુનામાં આરોપી પોલીસકર્મી રવિરાજસિંહ ચૌહાણને દોષિત ઠેરવી ૨૦ વર્ષની સખત કેદની સજા સંભળાવી છે. આ ઉપરાંત અદાલતે પિડીત સગીરાને આર્થિક સહાય તરીકે ૪ લાખ રૂપિયાનું વળતર ચૂકવવાનો પણ મહત્વપૂર્ણ આદેશ કર્યો છે.આરોપી રવિરાજસિંહ ચૌહાણ બાબરા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતો હતો અને તે મૂળ ભાવનગર જિલ્લાના શિહોર તાલુકાના દેવગાણા ગામનો વતની છે. તેણે સ્નેપચેટ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ મારફતે સગીરા સાથે સંપર્ક કેળવ્યો હતો. ત્યારબાદ તેણે સગીરા અને તેની માતાને હેરાન કરવાની ધમકીઓ આપી સગીરાનું અપહરણ કરી દુષ્કર્મ આચર્યું હતું.આ બનાવ અંગે ૨૯ મે ૨૦૨૫ના રોજ બાબરા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો



હતો. મહિલા પોલીસ સ્ટેશનના પીઆઈ જે.આર. સરવૈયાએ કેસની ત્વરિત અને ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરીને કોર્ટમાં મજબૂત પુરાવા સાથે ચાર્જશીટ રજૂ કરી હતી.કેસની સુનાવણી દરમિયાન સ્પેશિયલ પોક્સો અદાલતમાં સરકારી વકીલ મમતાબેન ત્રિવેદીએ સચોટ અને મજબૂત દલીલો કરી હતી. કોર્ટે તમામ પુરાવાઓ, સાક્ષીઓની જુબાની અને ધારદાર દલીલોને ધ્યાને રાખી રવિરાજસિંહ ચૌહાણને વિવિધ કલમો હેઠળ દોષિત ઠેરવ્યો હતો. કોર્ટે તેને ૨૦ વર્ષની સખત કેદ તથા દંડની સજા સંભળાવીને તમામ સજાઓ એકસાથે ભોગવવાનો હુકમ કર્યો છે.

જાનબાઈ દેરડી તથા હીરાણા ગામના પાટીયા વચ્ચે સફરજન ભરેલો ટ્રક પલટી ગયો

સવા બે લાખના સફરજનનું નુકસાન

લાઠી,તા.૦૮

લાઠીના જાનબાઈ દેરડી તથા હીરાણા ગામના પાટીયા વચ્ચે સફરજન ભરેલો ટ્રક પલટી જતાં રૂ. સવા બે લાખના સફરજનનું નુકસાન થયું હતું. આ અંગે ફીરોજભાઈ કાળુભાઈ લોહિયા (ઉ.વ.૩૮)એ કાળા રંગની ટાટા હેરિયર ફોરવ્હીલ ગાડીના ચાલક સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેઓ અમરેલીના હનીફમિયાં કાદરમિયાં બારેવાલાનું અશોક લેલેન્ડ 'બડા દોસ્ત' માલવાહક વાહન લઈને બોટાદ મુકામે અમરેલીના શાકીરભાઈ ઓસમાણભાઈ નાગાણીના સફરજન ભરવા માટે ગયા હતા. બોટાદ મુકામેથી સફરજન ભરીને પરત આવતા હતા તે દરમિયાન જાનબાઈ દેરડી અને હીરાણા ગામના પાટીયા વચ્ચે વળાંકથી થોડે આગળ પહોંચતાં, કાળા રંગની ટાટા હેરિયર કારના ચાલકે પોતાની કાર પુરઝડપે અને બેફિકરાઈથી ચલાવી માનવ જિંદગી જોખમાય તે રીતે પાછળથી અથડાવી હતી. જેના કારણે તેમનું માલવાહક વાહન પલટી ખાઈ જતાં તેમાં ભરેલા આશરે સવા બે લાખ રૂપિયાના સફરજનનું નુકસાન થયું હતું, તેમજ શારીરિક રીતે નાની-મોટી ઈજાઓ થઈ હતી. લાઠી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ કે. એન. ગરૈયા વધુ તપાસ કરી રહ્યા છે.

રાજુલાના ધૂડિયા આગરિયા ગામે માલિકીના આધાર-પુરાવા વગર જમીન પચાવી પાડયાની ફરિયાદ

માયાભાઈ આહિરના પુત્રએ ફરિયાદ નોંધાવી

રાજુલા,તા.૦૮

રાજુલાના ધૂડિયા આગરિયા ગામે માલિકીના કોઈ આધાર-પુરાવા વગર જમીન પર કબજો કરી વાવેતર કરવા અંગેની ફરિયાદ નોંધાઈ છે. બનાવ અંગે ભાવનગર જિલ્લાના તળાજા તાલુકાના બોરડા ગામે રહેતા ભરતભાઈ માયાભાઈ ભંમર (ઉ.વ.૩૧)એ રાજુલાના જેતુભાઈ વીરાભાઈ ધાખડા સામે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ મુજબ, આરોપીએ તેમની ધૂડિયા આગરિયા ગામમાં આવેલી જમીન પર ગેરકાયદેસર કબજો કર્યો હતો. તેમને અવારનવાર જમીનનો કબજો ખાલી કરવા જણાવવા છતાં, આરોપીએ કબજો ખાલી ન કરી આજદિન સુધી માલિકીના પુરાવા વગર ગેરકાયદેસર કબજો ચાલુ રાખી વાવેતર કરીને ઉપજ મેળવી હતી. આ અંગે રાજુલા વિભાગના નાયબ પોલીસ અધિક્ષક એન. બી. ગોરડિયા વધુ તપાસ ચલાવી રહ્યા છે.

રાજુલામાં નવી નોટો માટે પ્રજાના વલખાં, કરન્સી ચેસ્ટ ખસેડાતાં મુશ્કેલી

રાજુલા,તા.૦૮

રાજુલા શહેરમાં કરોડો રૂપિયાનું આર્થિક ટર્નઓવર હોવા છતાં દિવાળી અને લગ્નસરાની સિઝનમાં નવી ચલણી નોટો મેળવવા લોકો મુશ્કેલીમાં મુકાયા છે. રાજુલા SBIમાં આવેલી કરન્સી ચેસ્ટ કોવાયા ખસેડાતા વેપારીઓ અને નાગરિકોને હાલાકી ભોગવવી પડી રહી છે. રાજુલા અને આસપાસમાં ૨૦ જેટલી બેંકો, ૨૫ જેટલા પેટ્રોલ પંપ, ઔદ્યોગિક એકમો અને



તસવીર : ગોપાલ રાઠોડ

વેપારી સંસ્થાઓ હોવા છતાં રૂ.૧૦, રૂ.૨૦, રૂ.૫૦ અને રૂ.૧૦૦ની નવી નોટો મળતી નથી. બેંકોમાં નોટો ન હોવાના જવાબથી લોકોમાં રોષ ફેલાયો છે. જો રિઝર્વ બેંકમાંથી નોટો આવી નથી તો બજારમાં નવી નોટો ક્યાંથી આવી રહી છે તેવો સવાલ ઉઠયો છે. કરન્સી ચેસ્ટ ફરી રાજુલામાં શરૂ કરવા અને નોટોની ફાળવણી તથા વિતરણની ઉચ્ચસ્તરીય તપાસ કરવાની માંગ ઉઠી છે.

વિદ્યાગુરૂ સાયન્સ સ્કૂલ
VIDHYA GURU SCIENCE SCHOOL
કાર્યક્ષેત્ર:- ધો.9-10 & 11-12 સાયન્સ / કોમર્સ /RENEET
ગણેશ પાર્ટી પ્લોટ સામે, NEXA શો-રૂમની પાછળ, લાઠી રોડ, અમરેલી
૯૩૨૮૭ ૧૨૯૨૮
અમરેલીના ઈતિહાસમાં સૌ-પ્રથમ વખત ગુજરાત બોર્ડમાં 99.99 PR
NEET 2026
17 Students Qualified For JEE Advanced
જીલ્લા પ્રથમ
545
97.90 PR
કામળીયા સુર્યાબા નજુભાઈ
Phy. 98.38 — કિર્તન સંજયભાઈ 96.50 PR
Chem. 99.24 — દિપ કાનજીભાઈ 92.48 PR
Maths. 98.00 — પવન વિપુલભાઈ 97.11 PR
JEE 2026 માં જિલ્લાનું સર્વશ્રેષ્ઠ પરિણામ
બોર્ડ ૨૦૨૬
A1 596/650 ધાધલ હેત્વી
A1 595/650 સુવાગીયા ઉર્વી
A1 554/600 ખોખર રૂત્વિકા
A1 551/600 સિધ્ધપુરા રૂદ્ર

દિવાળીની રાત્રે સળગતા ઈંગોરિયા અને કોકડાના આગના ગોળાથી સર્જાય છે યુધ્ધમેદાન જેવો માહોલ

સાવરકુંડલામાં રોમાંચક ઈંગોરિયાની લડાઈ રમાઈ

સાવરકુંડલા, તા. ૦૯





દેશભરમાં દિવાળીના પર્વની ઉજવણી વિવિધ રીતે કરવામાં આવે છે, પરંતુ અમરેલી જિલ્લાના સાવરકુંડલામાં દિવાળીની રાત્રે ઉજવણીનો માહોલ કંઈક અલગ જ જોવા મળે છે. અહીં વર્ષોથી ચાલી આવતી અનોખી પરંપરા મુજબ દિવાળીની રાત્રે યુવાનો દ્વારા રોમાંચક 'ઈંગોરિયાની લડાઈ' રમવામાં આવે છે. સળગતા આગના ગોળા એકબીજા પર ફેંકતા યુવાનોને જોઈને જાણે કોઈ યુધ્ધમેદાન સર્જાયું હોય તેવો માહોલ ઊભો થાય છે. જોકે, આ કોઈ હિંસક પ્રવૃત્તિ કે વાસ્તવિક યુધ્ધ નથી, પરંતુ સાવરકુંડલાની સાંસ્કૃતિક ઓળખ બની ગયેલી પરંપરાગત રમત છે.સ્થાનિક રહેવાસીઓના જણાવ્યા અનુસાર, ઈંગોરિયા અને કોકડાનો ઉપયોગ કરીને રમાતી આ રમતનો ઈતિહાસ ૧૦૦ વર્ષથી પણ વધુ જૂનો છે. અગાઉ આ રમત સાવર અને કુંડલા એમ બે અલગ વિસ્તારો વચ્ચે યોજાતી હતી. તે સમયે બંને વિસ્તારોના યુવાનો સામસામે આવીને ઈંગોરિયા અને કોકડા વડે આ રમત રમતા હતા. સમયની સાથે આ પરંપરાના સ્વરૂપમાં ફેરફાર થયો છે, પરંતુ તેનું આકર્ષણ આજે પણ યથાવત્ રહ્યું છે.હાલમાં દિવાળીની રાત્રે શહેરના નાવલી ચોક, રાઉન્ડ વિસ્તાર, દેવળા ગેટ સહિતના વિવિધ વિસ્તારોમાં યુવાનો એકત્ર થઈને આ પરંપરાગત રમત રમે છે. આધુનિક યુગમાં શિવાકાશીના તૈયાર ફટાકડાઓનું ચલણ વધ્યું હોવા છતાં સાવરકુંડલાની આ પરંપરામાં સ્થાનિક સ્તરે પરંપરાગત રીતે તૈયાર કરવામાં આવતા ઈંગોરિયા અને કોકડાનું વિશેષ મહત્ત્વ છે. આ સામગ્રીના ઉપયોગથી રમતને એક આગવું અને ઐતિહાસિક સ્વરૂપ મળે છે.સાવરકુંડલાના યુવાનો માટે ઈંગોરિયાની લડાઈ માત્ર મનોરંજનનું સાધન નથી, પરંતુ પેઢી દર પેઢીથી મળેલો સાંસ્કૃતિક વારસો અને વતન સાથે જોડાયેલી લાગણીનું પ્રતીક છે. અમદાવાદ, મુંબઈ, કોલકાતા અને રાજકોટ સહિતનાં શહેરોમાં વસતા સાવરકુંડલાના લોકો દિવાળીના પર્વે ખાસ પોતાના વતન પરત ફરે છે. આ ઉપરાંત, આ અનોખી પરંપરા નિહાળવા માટે દેશના વિવિધ વિસ્તારો તેમજ વિદેશમાંથી પણ લોકો સાવરકુંડલા આવે છે. પરિણામે દિવાળીની રાત્રે સમગ્ર શહેરમાં ઉત્સાહ અને ઉમંગનો માહોલ જોવા મળે છે.આધુનિકતાના પ્રવાહ વચ્ચે પણ સાવરકુંડલાની આ સો વર્ષથી વધુ જૂની પરંપરા આજે જીવંત રહી છે. સ્થાનિક લોકોના સહકાર અને યુવાનોના ઉત્સાહથી જળવાઈ રહેલી આ આગવી ઓળખ સાવરકુંડલાને દિવાળીના પર્વે દેશભરમાં વિશિષ્ટ સ્થાન અપાવે છે. જોકે, આગ સાથે સંકળાયેલી આ રમત દરમિયાન સુરક્ષાના નિયમોનું પાલન કરવું પણ એટલું જ જરૂરી છે, જેથી પરંપરા સાથે લોકોની સલામતી પણ જળવાઈ રહે.

દેશ-વિદેશમાં વસતા સાવરકુંડલાવાસીઓ આ અનોખી પરંપરા નિહાળવા વતન આવે છે

પીઠવાજાળમાં નૂતન સ્વામિનારાયણ મંદિરનો ત્રણ દિવસીય મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાશે

અમરેલી,તા.૦૯



અમરેલી જિલ્લાના પીઠવાજાળ ગામે નૂતન સ્વામિનારાયણ મંદિરનો ત્રણ દિવસીય મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ તા. ૧૪ થી ૧૬ નવેમ્બર, ૨૦૨૬ દરમિયાન ભક્તિભાવપૂર્વક ઉજવાશે. તરવડા ગુરુકુલ પ્રેરિત રાજકોટ ગુરુકુલ સંસ્થાન દ્વારા આયોજિત આ મહોત્સવ સત્યાય ધામ, માંગરોળીયા પરિવારની વાડી ખાતે યોજાશે. મહોત્સવ દરમિયાન વિવિધ ધાર્મિક, સાંસ્કૃતિક અને સત્સંગના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. મહોત્સવનો પ્રારંભ તા. ૧૪ નવેમ્બર, શનિવારે સવારે ૮ કલાકે પોથીયાત્રા સાથે થશે. સવારે ૭:૩૦ કલાકે પુનઃ પ્રતિષ્ઠા યજ્ઞનો પ્રારંભ કરવામાં આવશે, જેની પૂર્ણાહુતિ તા. ૧૬ નવેમ્બરે બપોરે ૧૨ કલાકે થશે. આ ઉપરાંત શાસ્ત્રી હરિસ્વરૂપદાસજી સ્વામીના મુખે ભક્તચિંતામણિ ગ્રંથનું કથા પારાયણ સવારે ૮:૩૦ થી ૧૧:૩૦ અને બપોરે ૩:૩૦થી સાંજે ૬:૩૦ કલાક દરમિયાન યોજાશે. તા. ૧૫ નવેમ્બરે બપોરે ૧ કલાકે સાંખ્યયોગી બહેનો લીલાબેન અને કવિતાબેન દ્વારા સત્સંગ યોજાશે. ત્યારબાદ સાંજે ૫:૩૦ કલાકે ઠાકોરજીની ભવ્ય નગરયાત્રા નીકળશે.

તા. ૧૬ નવેમ્બર, સોમવારે કારતક સુદ સાતમ, વિક્રમ સંવત ૨૦૮૩ના પવિત્ર દિવસે સવારે ૧૦ કલાકે વડતાલ ગાદી પીઠાધિપતિ આચાર્ય રાકેશપ્રસાદજી મહારાજના વરદ હસ્તે ભગવાન સ્વામિનારાયણ, ગણપતિજી મહારાજ અને હનુમાનજી મહારાજની પુનઃ પ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવશે. મહોત્સવના ભાગરૂપે તા. ૧૪ નવેમ્બરની રાત્રે ૮:૩૦ કલાકે કૌશિક ગોલાદરા અને નાદબ્રહ્મ સંગીત મંડળ દ્વારા રાસગરબાનું આયોજન કરાયું છે.

જ્યારે તા. ૧૫ નવેમ્બરની રાત્રે લોકડાયરામાં અલ્પાબેન પટેલ, દિલીપભાઈ વરસાણી અને કેવીનભાઈ રોકડ પોતાની કલા રજૂ કરશે. મંદિરનું નિર્માણ ગુરુવર્ય દેવકૃષ્ણદાસજી સ્વામી અને મહંત દેવપ્રસાદદાસજી સ્વામીના આશીર્વાદ તથા પુરાણી કૃષ્ણપ્રિયદાસજી સ્વામીના માર્ગદર્શન હેઠળ થયું છે. આ પ્રસંગે રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરિયા, સાંસદ ભરતભાઈ સુતરીયા, દિલીપભાઈ સંઘાણી સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહેશે. કથા પારાયણનું જીવંત પ્રસારણ તરવડા ગુરુકુલની યુટ્યુબ ચેનલ પર કરવામાં આવશે. વધુ માહિતી માટે ગુણવંતભાઈ દેસાઈ (૯૯૧૩૬ ૫૬૬૧૦), પ્રકાશભાઈ દેસાઈ (૯૪૨૭૭ ૪૬૬૯૭) અને હરિનયનદાસજી સ્વામી (૯૦૯૯૯ ૩૬૨૧૮)નો સંપર્ક કરવા જણાવાયું છે. આ ભવ્ય ધાર્મિક મહોત્સવમાં ઉપસ્થિત રહી ધર્મલાભ લેવા આયોજકો દ્વારા સર્વે હરિભક્તોને ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

૧૪ થી ૧૬ નવેમ્બર દરમિયાન ધાર્મિક કાર્યક્રમો, કથા પારાયણ, નગરયાત્રા, રાસગરબા અને લોકડાયરાનું આયોજન; વડતાલ ગાદી પીઠાધિપતિ આચાર્ય રાકેશપ્રસાદજી મહારાજના હસ્તે મૂર્તિ પ્રતિષ્ઠા થશે

-//મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-
રૂબરૂ સુનાવણી નોટીસ

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૪૪૫/૨૦૨૬ તા.૦૪/૧૧/૨૦૨૬

અરજદારશ્રીઃ- ૧. હિંમતભાઈ મનજીભાઈ બેરડીયા
રહે.સેંજળ તા.સાવરકુંડલા જી.અમરેલી

-//વિરૂદ્ધ//-

સામાવાળાઃ- ૧. તલાટી કમ મંત્રીશ્રી સેંજળ, તા.સાવરકુંડલા

જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીની પુત્રી રીકલ હિંમતભાઈ બેરડીયાનો જન્મ તા.૩૧/૧૦/૨૦૧૫ ના રોજ મુ.સેંજળ તા. સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા. ૧૭/૧૧/૨૦૨૬ ના રોજ ૧૬:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર- પુરાવા રજુ કરવાના હોય . અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

સહી.
મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,
સાવરકુંડલા

દીપાવલી તેમજ નૂતન વર્ષ પર્વની શુભકામના

જય જવાન જય કિસાન

શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ અમરેલી

સાવરકુંડલા રોડ - અમરેલી

મુખ્યયાર્ડ : ફોન : ઓ.(૦૨૭૯૨) ૨૯૫૫૫૫ : ૨૩૪૦૩૪ : ૨૩૪૦૪૪

સબયાર્ડ ફોન : ઓ. (૦૨૭૯૨) ૨૨૨૧૨૨ : ૨૨૩૨૧૩ : ૨૨૩૯૪૧

ખુલ્લી હરરાજી... ખરો તોલ... રોકડા નાણાં...

નવા માર્કેટયાર્ડમાં સુવિધાઓ :-

- ૧૦૦ ફુટ પહોળાઈનો મુખ્ય રસ્તો તથા ૫૦ ફુટ પહોળાઈનાં તમામ આંતરીક રસ્તાઓ સુશોભિત પ્લાન્ટેશનવાળા ડીવાઈડર તથા સ્ટ્રીટલાઈટ આવેલ છે.
- ૨(બે) લાખ ચો.ફુટનો વિરાટ ઓક્ષન શેડ
- ૧૦ મે. ટનના ૨(બે) તથા ૫૦ મે. ટન ક્ષમતાના વે-બ્રિજની સુવિધા
- ૨૫,૦૦૦ ચો.ફુટનો એક એવા ૯ વિશાળ ઓક્ષન(હરરાજી) શેડ સુવિધા
- ૫૦૦૦ મેટ્રીક ટન ક્ષમતાના વિશાળ ૪(ચાર) વેરહાઉસ ગોડાઉનની સુવિધા
- ૮ વીઘા જેટલી વિશાળ જગ્યામાં ઓપન પ્લેટફોર્મની સુવિધા
- ખેડૂતોને જમવા માટે રાહતદરે પાસની વ્યવસ્થા તથા રાત્રી રોકાણ માટે સુંદર મજાના આરામ ગૃહની સુવિધા
- સમગ્ર કેમ્પસને સી.સી.ટી.વી સર્વેલન્સ(કેમેરા)થી આવરી લેવામાં આવેલ છે.
- મોબાઈલ એપ્લીકેશન : ખેડૂતો તથા તમામ વ્યકિતઓ માર્કેટયાર્ડમાં આવતી જણસીઓની વિગત તથા દૈનિક ભાવ તેમજ અગાઉના સમયના ભાવ તથા સંસ્થાની અદ્યતન માહિતી ઉપલબ્ધ સુવિધા

સબ માર્કેટયાર્ડમાં સુવિધાઓ :-

- શાકમાર્કેટ-ફુટમાર્કેટનાં સ્ટોલધારકને સ્ટોલમાંજ પાણીની વ્યવસ્થા કરવામાં આવેલ છે.
- શાકમાર્કેટમાં શાક-ફુટ ખરીદવા આવતા ગ્રાહકો માટે લાઈટની સુવિધા તેમજ ટોયલેટની સુવિધા ઉપરાંત પાર્કિંગની વ્યવસ્થા પણ કરવામાં આવેલ છે.
- સમગ્ર કેમ્પસમાં અન્ડરગ્રાઉન્ડ ઈલેકટ્રીફિકેશનથી આવરી લેવામાં આવેલ છે.
- સમગ્ર કેમ્પસમાં રોજેરોજ સફાઈ કામગીરી કરાવી સ્વચ્છ રાખવામાં આવે છે.

તુષાર એચ. હપાણી, સેક્રેટરી | ચંદુભાઈ બી. પોલરા, વા.ચેરમેન | ભાવિનભાઈ જે. સોજીત્રા, ચેરમેન

સમગ્ર બોર્ડ ઓફ ડિરેકટરશ્રી

શ્રી સરદાર વલ્લભભાઇ પટેલ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, અમરેલી

શુભ દીપાવલી



નૂતન વર્ષાભિનંદન

સૌને નૂતન વર્ષની
ખૂબ ખૂબ શુભકામના
સાથે અભિનંદન પાઠવીએ છીએ.

શુભેચ્છક

શ્રીમતિ રંજનબેન રમેશભાઈ પરવાડીયા (પ્રમુખશ્રી)
શ્રી યજ્ઞેશભાઈ દિપકભાઈ શુકલ (ઉપપ્રમુખશ્રી)
શ્રી શીવરાજભાઈ એભલભાઈ ખાદા (શાસકપક્ષના નેતા)
શ્રીમતિ મનિષાબેન પરેશભાઈ સરવૈયા દંડક
શ્રી ભરતભાઈ બાબુભાઈ રંગપરા (કારોબારી ચેરમેનશ્રી)

સભ્યશ્રીઓ

શ્રીમતિ જીજ્ઞાસાબેન ભુપતભાઈ સકોરીયા
શ્રીમતિ વસીલાબેન આસીફભાઈ વાળા
શ્રીમતિ દયાબેન જગદિશભાઈ વાવડીયા
શ્રીમતિ પુનમબેન અંકુરભાઈ જસાણી
શ્રીભીખાભાઈ વાઘજીભાઈ ખુમાણ
શ્રી મહેશભાઈ અનંતરાય રાવળ
શ્રીમતિ વસંતબેન ખોડાભાઈ મકવાણા
શ્રીમતિ જાગૃતિબેન હરેશભાઈ આખજા
શ્રી રમેશભાઈ છગનભાઈ તેરૈયા
શ્રીમતિ બાલુબેન બટુકભાઈ મુંધવા
શ્રી કૌશીકભાઈ વાલેરાભાઈ વાળા
શ્રી અશ્વિનભાઈ મુકેશભાઈ મકવાણા
શ્રીમતિ રાજેશ્વરીબેન જયરાજભાઈ બસીયા
શ્રી જગદિશભાઈ ભીખાભાઈ કારેટીયા
શ્રી મહેશભાઈ પરબતભાઈ પીપળવા
શ્રીમતિ અનિતાબેન મહેશભાઈ ચૌહાણ
શ્રી દેવશીભાઈ લક્ષ્મણભાઈ મારુ
શ્રીમતિ સોનલબેન નિલેશભાઈ શિયાણી

બાબરા નગર સેવા સદન - બાબરા

લીલીયા મોટા તાલુકામાં પીએમ કિસાન યોજનાના ખેડૂતોની મુશ્કેલીઓ દૂર કરવા તંત્રની કાર્યવાહી

લીલીયા મોટા,તા.૦૯

લીલીયા મોટા કેન્દ્ર સરકારની પીએમ કિસાન સન્માન નિધિ યોજના હેઠળ લીલીયા તાલુકાના ખેડૂતોને નવા ફોર્મ, ઈ-કેવાયસી, લેન્ડ સીડિંગ અને અટકેલા હપ્તા અંગે પડતી મુશ્કેલીઓ દૂર કરવા તાલુકા પંચાયત તંત્ર દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જિલ્લા પંચાયત સદસ્ય જીગ્નેશ સાવજે ખેડૂતોના પ્રશ્નો અંગે રજૂઆત કરતા તાલુકા વિકાસ અધિકારી વી.એન. ગોહિલે પરિપત્ર જાહેર કર્યો છે. જેમાં તલાટી-કમ-મંત્રીને નોંધણી અને સુધારાની જવાબદારી સોંપવામાં આવી છે. ગ્રામ પંચાયતોમાં સંબંધિત કર્મચારીઓ અને વીસીઈના નામ તથા મોબાઈલ નંબર દર્શાવવા સૂચના અપાઈ છે.



જિલ્લા પંચાયત સદસ્ય જીગ્નેશ સાવજની રજૂઆત બાદ તાલુકા વિકાસ અધિકારી વી.એન. ગોહિલે પરિપત્ર જાહેર કર્યો

દિવાળી દરમિયાન વતન આવતા ખેડૂતોની પેન્ડિંગ ઈ-કેવાયસી અને આધાર સીડિંગની કામગીરી કેમ્પ યોજીને પૂર્ણ કરવા આદેશ કરાયો છે. બેદરકારી દાખવનાર કર્મચારીઓ સામે શિસ્તભંગનાં પગલાં લેવાની ચેતવણી પણ અપાઈ છે.

ધારાસભ્ય જે.વી. કાકડીયાએ ચલાલાની બજારમાં ખરીદી કરી 'વોકલ ફોર લોકલ'નો સંદેશ આપ્યો

અમરેલી,તા.૦૯

દિવાળી અને નૂતન વર્ષના તહેવારોના પાવન અવસરે ધારી-બગસરા-ખાંભા વિસ્તારના ધારાસભ્ય જે.વી. કાકડીયાએ ભાજપના કાર્યકર્તાઓ સાથે ચલાલા શહેરના બજારની મુલાકાત લીધી હતી. આ દરમિયાન તેમણે સ્થાનિક દુકાનોમાંથી વિવિધ વસ્તુઓની ખરીદી કરી 'વોકલ ફોર લોકલ'નો સંદેશ આપ્યો હતો. સ્થાનિક વેપારીઓ પાસેથી ખરીદી કરીને તેમણે સ્વદેશી વસ્તુઓના ઉપયોગ તેમજ સ્થાનિક બજારને પ્રોત્સાહન આપવાની અપીલ કરી હતી. તહેવારોના સમયમાં સ્થાનિક બજારમાંથી ખરીદી કરવાથી નાના અને મધ્યમ વેપારીઓના વ્યવસાયને વેગ મળે છે અને તેમની આર્થિક સ્થિતિ મજબૂત બને છે, તેવો આશય તેમણે વ્યક્ત કર્યો હતો. ધારાસભ્ય બજારમાં પહોંચતા વેપારીઓએ તેમનું ઉષ્માભર્યું સ્વાગત કરી સન્માન કર્યું હતું. તેમની આ મુલાકાતથી વેપારીઓમાં ઉત્સાહ જોવા મળ્યો હતો.



ધારી BAPS સ્વામિનારાયણ મંદિરે દિવાળીના પર્વે ચોપડા પૂજન યોજાયું

અમરેલી,તા.૦૯

ધારી શહેરના BAPS સ્વામિનારાયણ મંદિરમાં દિવાળીના પાવન પર્વ નિમિત્તે ચોપડા પૂજનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ધાર્મિક વિધિ અને મંત્રોચ્ચાર સાથે નવા ચોપડાઓનું પૂજન કરવામાં આવ્યું હતું. દિવાળીના દિવસે વેપારીઓ, ઉદ્યોગપતિઓ અને ધંધા-રોજગાર સાથે જોડાયેલા લોકો નવા વર્ષના પ્રારંભે ચોપડા પૂજન કરી વ્યવસાયમાં પ્રગતિ અને સમૃદ્ધિ માટે પ્રાર્થના કરતા હોય છે.



રાજુલાની હિંડોરણા ચોકડી પાસે ભંગારના ડેલામાં ભીષણ આગ, ત્રણ કલાકે કાબૂ મેળવાયો

અમરેલી,તા.૦૯


રાજુલા શહેર નજીક હિંડોરણા ચોકડી પાસે આવેલા ભંગારના ડેલામાં મોડી રાત્રે આશરે ૩ વાગ્યાના સુમારે અચાનક આગ ફાટી નીકળતાં અફરાતફરી મચી ગઈ હતી. આગની તીવ્રતા વધતાં નજીકના રહેણાંક વિસ્તારમાં ફેલાવાની ભીતિ સર્જાઈ હતી, જેના પગલે સ્થાનિક લોકો ઘટનાસ્થળે એકત્ર થયા હતા. બનાવની જાણ થતાં રાજુલા પોલીસ, ૧૧૨ની ટીમ અને ફાયર વિભાગના કર્મચારીઓ તાત્કાલિક સ્થળે દોડી ગયા હતા. આગની ગંભીરતાને ધ્યાનમાં રાખીને પીપાવાવ, સ્વાન સિન્ટેક્સ અને રાજુલાની વિવિધ કંપનીઓના ફાયર ફાઇટરોને પણ મદદ માટે બોલાવવામાં આવ્યા હતા. તમામ ટીમોએ સતત પાણીનો મારો ચલાવી આગને કાબૂમાં લેવા કામગીરી હાથ ધરી હતી. આશરે ત્રણ કલાકની જહેમત બાદ આગ પર સંપૂર્ણ કાબૂ મેળવવામાં આવ્યો હતો. આ દરમિયાન આસપાસ રાખવામાં આવેલી અંદાજે ૧૦ ગાયો અને ખેડૂતોના નિરણનો સમયસર બચાવ કરવામાં આવતાં મોટી નુકસાની ટળી હતી.



રાજુલાની ધારનાથ સોસાયટીમાં પાર્ક કરેલી મોટરસાયકલમાં આગ

અમરેલી,તા.૦૯

રાજુલા શહેરની ધારનાથ સોસાયટીમાં મોડી રાત્રે એક મકાન પાસે પાર્ક કરેલી મોટરસાયકલમાં અચાનક આગ લાગી હતી. આગની જાણ થતાં આસપાસના રહીશો તાત્કાલિક દોડી આવ્યા હતા અને પાણી નાખીને આગ પર કાબૂ મેળવ્યો હતો. પ્રાથમિક માહિતી મુજબ, મોટરસાયકલમાં આગ કયા કારણોસર લાગી તે હજુ સ્પષ્ટ થયું નથી. ફટાકડાના કારણે આગ લાગી કે અન્ય કોઈ કારણ જવાબદાર હતું તે અંગે સત્તાવાર માહિતી સામે આવી નથી. ઘટનાને પગલે વિસ્તારમાં થોડીવાર માટે દોડધામ મચી ગઈ હતી



ખાંભા ગીરના ગ્રામ્ય વિસ્તારોમાં ભૂકંપના આંચકાથી લોકોમાં ફફડાટ

અમરેલી,તા.૦૯

અમરેલી જિલ્લાના ખાંભા ગીર સહિત આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં અચાનક ધરતીકંપનો આંચકો અનુભવાતાં સ્થાનિક રહીશોમાં થોડા સમય માટે કુતૂહલ અને ચિંતાનો માહોલ સર્જાયો હતો. ગ્રામ્ય વિસ્તારોમાં ભૂકંપનો આંચકો હળવા સ્વરૂપે અનુભવાતાં લોકો સાવધ બની ગયા હતા. કેટલાક વિસ્તારોમાં ધરતી ધ્રૂજવાનો અનુભવ થતાં લોકોમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો. પ્રાપ્ત વિગતો અનુસાર, આ ભૂકંપનું મુખ્ય કેન્દ્રબિંદુ ઉનાથી આશરે ૩૬ કિલોમીટર દૂર નોંધાયું હતું. કેન્દ્રબિંદુ ઉનાથી દૂર હોવા છતાં ખાંભા ગીર અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં ભૂકંપની અસર અનુભવાઈ હતી. સિસ્મોલોજી વિભાગ દ્વારા આ ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૨.૪ હોવાની પુષ્ટિ કરવામાં આવી છે. ભૂકંપનો આંચકો અનુભવાતાં લોકોમાં થોડા સમય માટે દોડધામ અને ચિંતા જોવા મળી હતી. જોકે, સદ્નસીબે આ કુદરતી ઘટનાને કારણે કોઈ જાનહાનિ કે મોટું નુકસાન થયું હોવાના અહેવાલ પ્રાપ્ત થયા નથી. આંચકા બાદ પરિસ્થિતિ સામાન્ય બની હતી.



ઉનાથી ૩૬ કિલોમીટર દૂર નોંધાયું ભૂકંપનું કેન્દ્રબિંદુ, રિક્ટર સ્કેલ પર ૨.૪ની તીવ્રતા નોંધાઈ, સદ્નસીબે કોઈ મોટું નુકસાન નહીં

જાફરાબાદના ટીબી ગામે પાર્ક કરેલી કારમાં આગ લાગતા બળીને ખાખ

જાફરાબાદ,તા.૦૯

જાફરાબાદ તાલુકાના ટીબી ગામમાં હરેકૃષ્ણ હોસ્પિટલ નજીક પાર્ક કરેલી એક કારમાં મોડી રાત્રે અચાનક આગ લાગી હતી.

આગ લાગતા આસપાસના લોકો સ્થળ પર દોડી આવ્યા હતા અને પાણીનો મારો ચલાવી આગને કાબૂમાં લીધી હતી. જોકે, આગની ઘટનામાં કાર સંપૂર્ણ બળીને ખાખ થઈ ગઈ હતી. બનાવની જાણ થતાં નાગેશ્રી પોલીસ પણ સ્થળ પર પહોંચી ગઈ હતી. કારમાં આગ કયા કારણોસર લાગી તે હજુ સુધી જાણવા મળ્યું નથી. પોલીસે આ અંગે તપાસ હાથ ધરી છે.



તસવીર : બાબુ વાઢેળ

એક પગે ગિરનાર સર કરનાર વ્હીલચેર ક્રિકેટર રવિ બન્નાનું સન્માન

ધારી,તા.૦૯

ધારી પત્રકાર સંઘ દ્વારા વ્હીલચેર ક્રિકેટર રવિ બન્નાનું સન્માન કરવામાં આવ્યું હતું. મુંબઈ ખાતે યોજાયેલી વ્હીલચેર ક્રિકેટ ટુર્નામેન્ટમાં ગુજરાતની ટીમ વતી ભાગ લઈ રવિ બન્નાએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી ગુજરાતને જીત અપાવી હતી. આ પ્રસંગે યુવા આગેવાન જીતુભાઈ શેલડીયા સહિત પત્રકાર મિત્રો અને તેમના સહયોગીઓ ઉપસ્થિત રહ્યા હતા. અકસ્માતમાં એક પગ ગુમાવનાર રવિ બન્નાએ જણાવ્યું હતું કે મુખ્યમંત્રી રાહત ફંડમાંથી કૃત્રિમ પગની વ્યવસ્થા કરવામાં આવે તો ચાલવા, દોડવા અને રોજગાર મેળવવામાં સરળતા રહે. આ અંગે ધારાસભ્ય જે.વી. કાકડિયાએ પણ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને લેખિત રજૂઆત કરી છે. એક પગે ગિરનાર પર્વત ચડી રેકોર્ડ બનાવનાર રવિબન્નાનું યુવા ઉદ્યોગપતિ જીતુભાઈ શેલડીયાએ વિશેષ સન્માન કર્યું હતું.



હું કહું તેમ ગામને પાણી આપવાનું કહી ગાળો આપી ધમકી આપી

બાબરાના કોટડાપીઠા ગામની ઘટના

બાબરા,તા.૦૯

બાબરાના કોટડાપીઠા ગામે 'હું કહું તેમ ગામને પાણી આપવાનું' કહી યુવકને ગાળો બોલીને જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી હતી. આ અંગે દીપકભાઈ રૂડાભાઈ સોઢળીયાએ (ઉ.વ.૨૭) વનરાજભાઈ વલકુભાઈ બોરીચા સામે ફરિયાદ નોંધાવી હતી.પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, ફરિયાદી કોટડાપીઠા ગામે પાણી પુરવઠાના પાણીના સંપે વાલ્વમેન તથા ચોકીદાર તરીકે તેમજ પેટા કોન્ટ્રાક્ટર હેઠળ કામ કરતા હતા. આરોપી વનરાજભાઈ વલકુભાઈ બોરીચાએ કોટડાપીઠા ગામે પાણીના સંપે આવીને કહ્યું કે, 'હું કહું તેમ કોટડાપીઠા ગામને પાણી આપવાનું' તેમ કહી અપશબ્દો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. લાઠી વિભાગના નાયબ પોલીસ અધિક્ષક વિસ્મય માનસેતા આ અંગે વધુ તપાસ કરી રહ્યા છે.

રાજુલા શહેરમાં જાહેરમાં છરી લઈને ફરતો શખ્સ ઝડપાયો

રાજુલા,તા.૦૯

રાજુલા શહેરમાં જાહેરમાં છરી સાથે નીકળેલા એક શખ્સને પોલીસે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. મળતી વિગતો અનુસાર, મહેશભાઈ પીઠાભાઈ બાબરીયા (ઉ.વ. ૩૯) પોતાના કબજામાં ગેરકાયદેસર રીતે છરી રાખી જાહેરમાં ફરતો મળી આવ્યો હતો. અમરેલીના અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા બહાર પાડવામાં આવેલા હથિયારબંધી જાહેરનામા અનુસાર જાહેરમાં હથિયાર રાખવા પર પ્રતિબંધ લાદવામાં આવેલો છે. આ શખ્સે સદર જાહેરનામાનો અનાદર કરી નિયમોનો ભંગ કર્યો હોવાથી પોલીસે તેની સામે કાયદેસરની કાર્યવાહી કરી હતી.








ખાંભામાં દિવાળીની રાત્રે બે જૂથ વચ્ચે લોહિયાળ અથડામણ, એકનું મોત

અમરેલી,તા.૦૯

ખાંભા, અમરેલી જિલ્લામાં દિવાળીના પર્વની ઉજવણી વચ્ચે ખાંભા શહેરના ભગતવી પરા વિસ્તારમાં લોહિયાળ જૂથ અથડામણની ઘટના સામે આવી છે. અગાઉના ટ્રકના ભાડા બાબતે ચાલતા મનદુઃખને લઈને એક જ જ્ઞાતિના બે જૂથ સામસામે આવી જતાં સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઈ હતી. સામાન્ય બોલાચાલીથી શરૂ થયેલો વિવાદ ધીમે ધીમે ઉગ્ર બન્યો હતો અને બંને પક્ષના લોકો તીક્ષ્ણ હથિયારો સાથે સામસામે આવી ગયા હતા. ત્યારબાદ મામલો મારામારી સુધી પહોંચતાં વિસ્તારમાં અફરાતફરી અને ભયનો માહોલ સર્જાયો હતો. દિવાળીના તહેવારની રાત્રે બનેલી આ ગંભીર ઘટનાને પગલે સ્થાનિક રહીશોમાં પણ ચિંતાનો માહોલ જોવા મળ્યો હતો.આ જૂથ અથડામણ દરમિયાન તીક્ષ્ણ હથિયારો વડે કરવામાં આવેલા હુમલામાં



સુલતાન દાઉદભાઈ સોલંકીને છરીના ગંભીર ઘા વાગ્યા હતા. ઈજાઓ એટલી ગંભીર હતી કે તેમનું મોત નીપજ્યું હતું. આ બનાવને પગલે સમગ્ર મામલો હત્યાના ગુનામાં પરિણમ્યો હતો. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને મૃતકના મૃતદેહને પોસ્ટમોર્ટમની કાર્યવાહી માટે અમરેલી સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. દિવાળીના પાવન તહેવાર દરમિયાન બનેલી આ હિંસક ઘટનાથી ખાંભા શહેરમાં શોક અને ચિંતાનું વાતાવરણ ફેલાયું હતું.બંને જૂથ વચ્ચે થયેલી આ અથડામણમાં મહિલા સહિત છથી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા હોવાની વિગતો સામે આવી છે. જેમાં નયુમ આરીફભાઈ ચૌહાણ, અશરફ દાઉદભાઈ સોલંકી, ભીખુ અલીભાઈ ચૌહાણ, સલીમ દાઉદભાઈ સોલંકી, અરબાઝ ભીખુભાઈ સોલંકી અને રૂપેદાબેન આરીફભાઈ ચૌહાણનો સમાવેશ થાય છે. મારામારી દરમિયાન ઈજાગ્રસ્ત થયેલા તમામ લોકોને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. પ્રાથમિક સારવાર બાદ કેટલાક ઈજાગ્રસ્તોને વધુ સારવાર માટે ખાંભા અને અમરેલીની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું છે. એક જ વિસ્તારના લોકો વચ્ચે થયેલી આ હિંસક અથડામણમાં એક વ્યક્તિનું મોત અને અન્ય લોકો ઘાયલ થતાં મામલો વધુ ગંભીર બન્યો છે.

આમ, સામાન્ય બાબતમાં જૂથ અથડામણમાં એકની હત્યા કરવામાં આવતા સમગ્ર જિલ્લામાં ચકચાર મચી જવા પામી હતી. પોલીસ હત્યારાઓને ઝડપવા માટે ચક્રો ગતિમાન કર્યા હતા.

ખાંભા પોલીસની સમયસૂચકતાથી વધુ ઘર્ષણ અટક્યું

ઘટનાની જાણ થતાં જ ખાંભા પોલીસનો કાફલો મોડી રાત્રે તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. પોલીસ ઘટનાસ્થળે પહોંચી ત્યારે બંને જૂથ વચ્ચે ઘર્ષણની સ્થિતિ સર્જાયેલી હતી. પોલીસે સમયસૂચકતા દાખવી પરિસ્થિતિને કાબૂમાં લેવાના પ્રયાસો હાથ ધર્યા હતા અને વધુ મારામારી કે ઘર્ષણ ન થાય તે માટે જરૂરી કાર્યવાહી કરી હતી. પોલીસની સમયસરની કામગીરીને કારણે પરિસ્થિતિ વધુ વણસતી અટકાવવામાં આવી હતી.

પોલીસે હુમલામાં સામેલ ઈસમોની ભુમિકાની તપાસ શરૂ કરી

હાલમાં ખાંભા પોલીસે સમગ્ર બનાવ અંગે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. જૂથ અથડામણ પાછળનું ચોક્કસ કારણ, ટ્રકના ભાડા અંગે થયેલા વિવાદની વિગતો અને હુમલામાં સામેલ વ્યક્તિઓની ભૂમિકા સહિતના મુદ્દાઓને ધ્યાનમાં રાખીને પોલીસ તપાસ કરી રહી છે. દિવાળીના તહેવાર દરમિયાન બનેલી હત્યાની આ ઘટનાથી ખાંભા સહિત અમરેલી જિલ્લામાં ભારે ચકચાર મચી ગઈ છે.

ટ્રકના ભાડા બાબતના જૂના મનદુઃખે ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું, તીક્ષ્ણ હથિયારો વડે હુમલામાં મહિલા સહિત છથી વધુ લોકો ઘાયલ, ખાંભા પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો

સમઢીયાળાના યુવાનોએ વતનનું ઋણ ચૂકવી સફાઈ અભિયાન કર્યું

બગસરા,તા.૦૯



તસવીર : હાર્દિક બામટા

બગસરાના સમઢીયાળા ગામના વતની અને હાલ અમદાવાદ તથા સુરતમાં સ્થાયી થયેલા યુવાનોએ માતૃભૂમિ પ્રત્યેની ફરજ નિભાવવાની અનોખી પહેલ કરી છે. ગામની સ્વચ્છતા અને સુંદરતા જાળવવાના હેતુથી યુવાનોએ વિશેષ સફાઈ અભિયાન હાથ ધર્યું હતું. શહેરોમાં વ્યસ્ત જીવનશૈલી વચ્ચે સમય કાઢીને વતનમાં આવેલા યુવાનોએ જાતમહેનતથી ગામના વિવિધ વિસ્તારોમાં સફાઈ કરી ગંદકી દૂર કરી હતી. તેમના આ શ્રમદાનથી ગામના રસ્તાઓ અને જાહેર સ્થળો સ્વચ્છ બન્યાં હતાં. યુવાનોની નિઃસ્વાર્થ સેવા જોઈને ગ્રામજનોમાં પણ ઉત્સાહ જોવા મળ્યો હતો. ગામના વડીલો અને આગેવાનોએ યુવાનોના આ પ્રેરણાદાયી કાર્યને બિરદાવ્યું હતું. આ પહેલ અન્ય ગામોના યુવાનો માટે પણ પ્રેરણારૂપ બની છે.

ધારીની નવી વસાહતમાં બંધ ડેલામાં આગ ભભૂકી

નગરપાલિકાએ પાણીનો મારો ચલાવી આપ પર કાબુ મેળવ્યો

ધારી,તા.૦૯

ધારી શહેરની નવી વસાહત વિસ્તારમાં આવેલા અવાવરું અને બંધ ડેલામાં દિવાળીની રાત્રે અચાનક આગ લાગી હતી. ફટાકડાના તણખા પડવાથી પડતર ઘાસ અને સૂકાં પાંદડાંમાં આગ ભભૂકી હોવાનું પ્રાથમિક અનુમાન છે. આગ વિકરાળ સ્વરૂપ ધારણ કરે તે પહેલાં વોર્ડ નંબર ૬ના સભ્યો જીતુભાઈ જોશી, જીતુભાઈ પાઘડાળ, જયરાજભાઈ ધાખડા અને ઈલુભાઈ બ્લોચ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયા હતા. તેમણે ડેલાનું તાળું તોડાવી નગરપાલિકાનું ટેન્કર બોલાવ્યું હતું. પાણીનો મારો ચલાવી આગને કાબૂમાં લેવામાં આવી હતી. રહેણાક વિસ્તારમાં આગ લાગતાં લોકોનાં ટોળાં એકત્ર થયાં હતાં. સમયસર આગ બુઝાતાં સ્થાનિક રહીશોએ રાહતનો શ્વાસ લીધો હતો.

નવા માલકનેશ ગામેથી યુવક ૫ લીટર દેશી દારૂ સાથે પકડાયો

ખાંભા,તા.૦૮

ખાંભાના નવા માલકનેશ ગામેથી એક યુવક ૫ લીટર દેશી દારૂ સાથે પકડાયો હતો. પોલીસે જગદીશભાઈ વાઘજીભાઈ મકવાણા (ઉ.વ.૨૩) નામના યુવક પાસેથી પાસ પરમીટ વગરનો ૫ લીટર દેશી દારૂ શોધી કાઢી રૂ.૧,૦૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. આ ઉપરાંત, જિલ્લામાં વિવિધ સ્થળોએથી ૧૫ લોકો પાસ પરમીટ વગર કેફી પીણું પીધેલી હાલતમાં ફરતા મળી આવ્યા હતા.

ચલાલામાં જરૂરિયાતમંદ પરિવારોને રાશન કિટનું વિતરણ


અમરેલી,તા.૦૯

ધારી તાલુકાના ચલાલા ખાતે કાર્યરત સંગમ ફાઉન્ડેશન દ્વારા જરૂરિયાતમંદ પરિવારોને રાશન કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું. ચલાલા સહિત આસપાસના વિસ્તારોમાં જરૂરિયાતમંદ પરિવારો સુધી સહાય પહોંચાડવામાં આવી હતી. સંસ્થાના પ્રમુખ વિવેકભાઈ તળાવિયાના માર્ગદર્શન હેઠળ શિક્ષણ, સંસ્કાર, આરોગ્ય અને પર્યાવરણ ક્ષેત્રે વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવે છે. સંસ્થા દ્વારા ધારી, અમરેલી, ગોપાલગ્રામ અને ચલાલા સહિતના વિસ્તારોમાં સંસ્કાર કેન્દ્રો શરૂ કરવામાં આવ્યાં છે. આગામી સમયમાં અમરેલી જિલ્લાના તમામ વિસ્તારોમાં વિનામૂલ્યે સંસ્કાર કેન્દ્રો શરૂ કરી બાળકો અને યુવાનોમાં સારા સંસ્કારોનું સિંચન કરવાનો સંકલ્પ પણ સંસ્થા દ્વારા વ્યક્ત કરવામાં આવ્યો છે.









Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

લાલાવદરમાં રામદેવપીર મંદિરનો ત્રણ દિવસીય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાશે

૧૨થી ૧૪ નવેમ્બર દરમિયાન વિવિધ ધાર્મિક કાર્યક્રમો, લોકડાયરો અને સમૂહ રાસ-ગરબાનું આયોજન; સંતો અને મહાનુભાવો ઉપસ્થિત રહેશે

અમરેલી,તા.૦૯

અમરેલી જિલ્લાના લાલાવદર ગામે નવનિર્મિત રામદેવપીર મંદિરનો મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ વિક્રમ સંવત ૨૦૮૩ના કારતક સુદ ત્રીજ, ગુરુવાર, તા. ૧૨-૧૧-૨૦૨૬થી કારતક સુદ પાંચમ, શનિવાર, તા. ૧૪-૧૧-૨૦૨૬ સુધી ત્રણ દિવસ માટે યોજાશે. રામદેવપીર મહારાજ તથા ખોડિયાર માતાજીની કૃપાથી આયોજિત આ ધાર્મિક મહોત્સવમાં સર્વે ભાવિક ભક્તોને ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. મહોત્સવના પ્રથમ દિવસે સવારે આઠ વાગ્યે હેમાદ્રી તથા દેહશુદ્ધિ વિધિ, નવ વાગ્યે જળયાત્રા, મૂર્તિઓની શોભાયાત્રા, મંડપ પ્રવેશ અને ગણપતિ પૂજન યોજાશે. સાંજે પાંચ વાગ્યે આરતી કરવામાં આવશે. બીજા દિવસે દેવ ઉત્થાન, પ્રધાન હોમ, વિષ્ણુયાગ, જળાધિવાસ, સ્થાપન વિધિ અને શયનાધિવાસ સહિતના ધાર્મિક કાર્યક્રમો યોજાશે. ત્રીજા દિવસે ન્યાસ વિધિ, મૂર્તિઓનો મંદિરમાં પ્રવેશ, દેવોની પ્રાણ પ્રતિષ્ઠા, પંચ હોમ, બલિદાન અને પૂર્ણાહુતિ કરવામાં આવશે. બપોરે સવા બાર વાગ્યે મહાઆરતી યોજાશે. ત્યારબાદ સવારે સાડા અગિયાર વાગ્યે ભોજન મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે ગામમાં ધુમાડા બંધ રાખવામાં આવશે. મહોત્સવ દરમિયાન રાત્રિના સમયે નકલંક નેજાધારી રામામંડળ, લોકડાયરો, સમૂહ રાસ-ગરબા અને આભારવિધિ સહિતના કાર્યક્રમો યોજાશે. આ પ્રસંગે સંતો, સાંસદો, ધારાસભ્યો તથા વિવિધ પદાધિકારીઓ ઉપસ્થિત રહેશે. યજ્ઞના આચાર્ય તરીકે શાસ્ત્રી પંકજભાઈ રવિશંકર શુક્લ સેવા આપશે. ઉલ્લેખનીય છે કે સ્વર્ગસ્થ લાખાભાઈ ધાનાણીના સ્મરણાર્થે આ ભવ્ય મંદિરનું નિર્માણ કરવામાં આવ્યું છે.

મહોત્સવના દાતા દિનેશભાઈ લાખાભાઈ ધાનાણી તથા ચેતનભાઈ દિનેશભાઈ ધાનાણી છે. ચેતનભાઈ ધાનાણી અમરેલી જિલ્લા યુવા ભાજપ પ્રમુખ તેમજ લાલાવદર ગામના સરપંચ છે.

નગરપાલિકાની બેદરકારીને કારણે ધોરાજીમાં દિવાળીના પર્વે પાણીનો બેફામ બગાડ

ધોરાજી,તા.૦૯



ધોરાજી શહેરમાં દિવાળીના પર્વ દરમિયાન પોસ્ટ ઓફિસ ચોક અને વોકરાકાંઠા પાસે પીવાના પાણીની પાઈપલાઈનમાં લીકેજ થતાં રસ્તા પર પાણી ફરી વળ્યું હતું. પાઈપલાઈનોમાંથી સતત પાણી વહેવાને કારણે હજારો લીટર પાણીનો બગાડ થયો હતો. એક તરફ ઓછા વરસાદ અને અલનીનોની અસરને કારણે આગામી દિવસોમાં પાણીની અછત સર્જાવાની ચિંતા છે, ત્યારે બીજી તરફ નગરપાલિકાની બેદરકારીથી કિંમતી પીવાનું પાણી રસ્તા પર વહી રહ્યું છે. શહેરના મુખ્ય વિસ્તારોમાં લીકેજ હોવા છતાં સમયસર સમારકામ કરવામાં ન આવતા સ્થાનિકોમાં રોષ જોવા મળ્યો હતો. નાગરિકોએ તંત્રની કામગીરી સામે સવાલો ઉઠાવી લીકેજ તાત્કાલિક બંધ કરાવી પાણીનો બગાડ અટકાવવા માંગ કરી છે.

ઉના પોલીસે ગુમ થયેલા ૧૭ મોબાઈલ શોધી મૂળ માલિકોને પરત આપ્યા

ઉના,તા.૦૯



ગીર સોમનાથ જિલ્લા પોલીસ દ્વારા 'તેરા તુજકો અર્પણ' અભિયાન હેઠળ ઉના પોલીસ સ્ટેશનની ટીમે CEIR પોર્ટલનો મહત્તમ ઉપયોગ કરી ગુમ થયેલા અને ચોરાયેલા કુલ ૧૭ મોબાઈલ ફોન શોધી કાઢ્યા હતા. આશરે રૂ. ૨,૮૫,૧૧૩ની કિંમતના આ ફોન તેમના મૂળ માલિકોને પરત સોંપવામાં આવ્યા હતા. પોલીસ ઈન્સ્પેક્ટર કે.આઈ. જાડેજાની સૂચના અને સર્વેલન્સ સ્કવોડની મહેનતથી OPPO, VIVO, SAMSUNG, REALME અને iPhone સહિતના મોબાઈલ મળી આવ્યા હતા.

ધારીના નબાપરા વિસ્તારમાં રૂડાણી પરિવારના આર્થિક સહયોગથી

મંત્રી કૌશિક વેકરિયા અને જે.વી. કાકડિયાની ઉપસ્થિતિમાં પટેલ વાડી ખાતે બ્લોક રોડનું ખાતમુહૂર્ત

ધારી,તા.૦૯



ધારી શહેરના નબાપરા વિસ્તારમાં વડીલોની સેવા અને સુવિધા માટે 'આપણું ઘર'નું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરિયા, ધારાસભ્ય જે.વી. કાકડિયા સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. રૂડાણી પરિવારના આર્થિક સહયોગથી આ સેવાકીય આયોજન કરવામાં આવ્યું છે. નબાપરા વિસ્તારના અનેક વડીલોના સંતાનો સુરત, અમદાવાદ અને મુંબઈ જેવા શહેરોમાં વર્ષોથી સ્થાયી થયા હોવાથી વડીલોને ભોજનની મુશ્કેલી ન પડે તે હેતુથી અહીં નિયમિત ભોજનની વ્યવસ્થા કરવામાં આવી છે. હાલ પ્રારંભિક તબક્કે પાટીદાર સમાજના વડીલો માટે આ વ્યવસ્થા શરૂ કરાઈ છે. આગામી દિવસોમાં દાતાઓના સહયોગથી સમગ્ર નબાપરા વિસ્તારના વડીલો માટે આ સુવિધા ખુલ્લી મૂકવાનું આયોજન છે. આ ઉપરાંત પટેલ વાડી ખાતે બ્લોક રોડનું ખાતમુહૂર્ત પણ કૌશિકભાઈ વેકરિયા અને જે.વી. કાકડિયાના હસ્તે કરવામાં આવ્યું હતું.


પાંચ વર્ષની કાનૂની લડત બાદ આખરે ન્યાય મળ્યો, કોડીનાર કોર્ટનો મહત્વપૂર્ણ ચુકાદો

કોડીનાર, તા.૦૯

ગીર સોમનાથ જિલ્લાના ધામળેજ ગામના સુર્જીતભાઈ સોલંકીના અકસ્માતમાં મૃત્યુ બાદ તેમના પરિવારને પાંચ વર્ષથી વધુની કાનૂની લડત પછી ન્યાય મળ્યો છે. કોડીનાર મોટર અકસ્માત વળતર ટ્રિબ્યુનલે તા. ૧૩ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ મૃતકના વારસદારોને વ્યાજ અને ખર્ચ સહિત રૂ. ૧૬.૯૦ લાખ તથા ગંભીર રીતે ઈજાગ્રસ્ત નરેશભાઈ ફૂલબારીયાને રૂ. ૬.૫૧ લાખ ચૂકવવાનો હુકમ કર્યો છે. વર્ષ ૨૦૨૧માં ટ્રેક્ટરની ટક્કરથી સર્જાયેલા અકસ્માતમાં સુર્જીતભાઈનું મોત થયું હતું અને નરેશભાઈ ગંભીર રીતે ઘાયલ થયા હતા. પોલીસ તપાસમાં મૃતકને જ આરોપી દર્શાવાયા હોવાના આક્ષેપ સામે તેમના પિતાએ કાનૂની લડત ચલાવી હતી. એબેટેડ સમરી મંજૂર કરતો અગાઉનો હુકમ પણ રિવિઝન અરજીમાં રદ થતાં પરિવારની લડતને મહત્વપૂર્ણ સફળતા મળી હતી.

દિવાળીના પર્વે અમરેલી ફાયર વિભાગ દોડતું રહ્યું, એક જ દિવસમાં આગની ૬ ઘટનાઓ


અમરેલી,તા.૦૯



અમરેલી શહેર અને આસપાસના વિસ્તારોમાં તા. ૦૮-૧૧-૨૦૨૬ના રોજ દિવાળીના પર્વ દરમિયાન આગ લાગવાની છ અલગ-અલગ ઘટનાઓ બની હતી. લાપાળીયા ગામે ખેતરના માંડવાના પાલામાં, જેસીંગપરામાં બંધ મકાનમાં, શિવાજી ચોક પાસે ટ્રાન્સફોર્મર નજીક કચરામાં, ગાયત્રી મંદિર પાસે ખુલ્લા પ્લોટમાં, ઓમનગર પાસે નર્સરીમાં તથા લાઠી રોડ પર ટ્રકના કેબિનમાં આગ લાગી હતી. એક પછી એક આગના બનાવોને પગલે અમરેલી ફાયર વિભાગની ટીમ સતત કામગીરીમાં વ્યસ્ત રહી હતી. ઈન્ચાર્જ ફાયર ઓફિસર એચ.પી. સરતેજાના નેતૃત્વમાં ડી.સી.પી.ઓ. આનંદભાઈ જાની સહિતના અધિકારીઓ અને ફાયર કર્મચારીઓએ તમામ સ્થળોએ પહોંચી આગ પર કાબૂ મેળવવા જહેમત ઉઠાવી હતી. દિવાળીના તહેવાર દરમિયાન પણ સમગ્ર ટીમે રાતભર સ્ટેન્ડબાય રહી નાગરિકોની જાનમાલની સુરક્ષા માટે ખડેપગે રહી ફરજ નિભાવી હતી.



અમદાવાદના મેમનગર ગુરુકુળમાં ભવ્ય અન્નકૂટ મહોત્સવ અને ચોપડા પૂજન સંપન્ન



અમદાવાદ,તા.૦૯

દિવાળી અને નૂતન વર્ષના પવિત્ર પર્વ નિમિત્તે અમદાવાદના મેમનગર સ્થિત સ્વામિનારાયણ ગુરુકુળ ખાતે માધવપ્રિયદાસજી સ્વામી તથા સદ્ગુરુ પુરાણી બાલકૃષ્ણદાસજી સ્વામીના સાનિધ્યમાં ભવ્ય અન્નકૂટ મહોત્સવ અને ચોપડા પૂજન યોજાયું હતું.

પરંપરા મુજબ નવા પાકેલા અનાજમાંથી વિવિધ વાનગીઓ અને પકવાનો બનાવી ભગવાનને અર્પણ કરવામાં આવ્યા હતા. નૂતન વર્ષના પ્રારંભે ભક્તોએ વૈદિક મંત્રોચ્ચાર સાથે ચોપડા તથા લક્ષ્મી પૂજન કર્યું હતું. બદલાતા સમય સાથે અનેક ભક્તોએ લેપટોપ અને ટેબ્લેટ જેવા ડિજિટલ સાધનોનું પણ પૂજન કર્યું હતું. સમગ્ર ગુરુકુળ પરિસરમાં ભક્તિમય માહોલ છવાયો હતો. મોટી સંખ્યામાં હરિભક્તોએ ઉપસ્થિત રહી અન્નકૂટ દર્શન અને પૂજનનો લાભ લીધો હતો.





શુભ દીપાવલી
નૂતન વર્ષાભિનંદન

શુભેચ્છક



ઉદયન ત્રિવેદી
(એડવોકેટ)
(ગુજરાત હાઈકોર્ટ)
ચેરમેન
નોટરી એસોસીએશન
(સૌરાષ્ટ્ર ઝોન)



હરનીલ ત્રિવેદી
(એડવોકેટ)
(ગુજરાત હાઈકોર્ટ)

શુભ દીપાવલી



...શુભેચ્છક...

શ્રીમતિ સોનલબેન
સંજયભાઈ તારપરા
ચેરમેનશ્રી, શિક્ષણ સમિતિ જી. પં. અમરેલી
(ચાવંડ સીટ)

શુભ દીપાવલી
નૂતન વર્ષાભિનંદન

આજના મંગલ પ્રભાતથી પ્રારંભ થતું
નવું વર્ષ સર્વોને સુખદાયી નિવડે અને આપ અને
આપનો પરિવાર હર હંમેશ સુખમય રહે અને
નૂતન વર્ષ આપના માટે મંગલમય રહે
એવી શુભકામનાઓ.

:: શુભેચ્છક ::

શ્રી જનકભાઈ તળાવીયા
ધારાસભ્યશ્રી
લાઠી-દામનગર-બાબરા



શુભ દીપાવલી – નૂતન વર્ષાભિનંદન

...શુભેચ્છક...



ચીફ ઓફીસરશ્રી
રવિકુમાર બી. વેકરીયા



પ્રમુખશ્રી
દયાબેન સી. જમોડ



ઉપ પ્રમુખશ્રી
બાબુભાઈ એચ. ધોળકીયા



ચેરમેનશ્રી
પારૂલબેન બી. ડેર

:: સદસ્યશ્રીઓ ::

પારસબેન હસમુખભાઈ ગોહિલ
ભાવનાબેન ભુપતભાઈ જાદવ
નિતીનભાઈ મગનભાઈ સોલંકી
લાલજીભાઈ મેઘાભાઈ મેર
ભારતીબેન શૈલેષભાઈ પોકીયા
શર્મિષ્ઠાબેન ઘનશ્યામભાઈ કોટડીયા
કેતનભાઈ કનુભાઈ રામાણી
કલ્પેશભાઈ શંભુભાઈ મેતલીયા
કિષ્નાબેન જયદીપભાઈ પાડા
કલ્પનાબેન જીજ્ઞેશભાઈ કોટડીયા
અશોકભાઈ મનજીભાઈ ચાવડા
અમીનમીયા યુસુફમિયા લકીયારી
હેતલબેન વિપુલભાઈ પરમાર
મહેશભાઈ ધીરૂભાઈ બોરીયા
સુરેશભાઈ લાલજીભાઈ ગોયાણી
હકુબેન દેહુરભાઈ ભુવા
ભરતભાઈ અરજણભાઈ ડાંગર
વિનુભાઈ વાઘજીભાઈ ભાતીયા
દર્શનાબેન પ્રમોદભાઈ ગાંગડીયા
જયાબેન પ્રવિણભાઈ બઢિયા
કિશોરભાઈ બાબુભાઈ રાણવા

તથા સમસ્ત કર્મચારી ગણ નગરપાલીકા – લાઠી

શુભ દીપાવલી
નૂતન વર્ષાભિનંદન

આજના મંગલ પ્રભાતથી પ્રારંભ થતું નવું વર્ષ સર્વોને સુખદાયી નિવડે
આપનો પરિવાર હર હંમેશ સુખમય રહે અને
નૂતન વર્ષ આપના માટે મંગલમય રહે એવી શુભકામનાઓ.

:: શુભેચ્છક ::

મનુભાઈ વલ્લભભાઈ દેસાઈ
(પૂર્વઅધ્યક્ષશ્રી ખોડલધામ સમાધાન પંચ - અમરેલી)
(પ્રમુખશ્રી અમરેલી જિલ્લા ટીમ્બર માર્ટ એસો.)
ભગવાનભાઈ વલ્લભભાઈ દેસાઈ
જયસુખભાઈ મનુભાઈ દેસાઈ
વિજયભાઈ ભગવાનભાઈ દેસાઈ

દેસાઈ & કું. દેસાઈ કોટેક્ષ – ચિતલ, બટરફલાય વુડસ – ગાંધીધામ.

HAPPY
Diwali
FESTIVAL OF LIGHT

May the festival of lights illuminate your life
with happiness, prosperity and endless success.
wishing you and your family a bright and blessed Diesli!

IndoAsia
COPPER LIMITED

IndoAsia
AGROTECH FERTILIZERS LIMITED

VILL : LUNSAPUR, TA-JAFRABAD,
DIST. AMRELI-365540-GUJRAT (INDIA)

શુભ દીપાવલી
નૂતન વર્ષાભિનંદન

નવલું વર્ષ આપ તથા આપના પરિવાર માટે
મંગલમય નીવડે તથા આપનું સ્વાસ્થ્ય જળવાઈ
રહે એજ અભ્યર્થના...

પ્રદીપ ભાખર
પૂર્વ પ્રમુખ : તાલુકા ભાજપ બગસરા
ડિરેકટર : બગસરા માર્કેટીંગ યાર્ડ

મિતલબેન પ્રદીપભાઈ ભાખર
ચેરમેન : અમરેલી જીલ્લા આરોગ્ય સમિતી
સરપંચ : ડેરી પીપળીયા ગ્રામ પંચાયત

શુભ દીપાવલી



વિ.સંવત ૨૦૮૩નું નવું વર્ષ આપ તથા આપના પરિવાર માટે મંગલમય નીવડે એજ અભ્યર્થના....

શુભેચ્છક

શ્રી વિપુલભાઈ દુધાત
પૂર્વ ચેરમેનશ્રી, શિક્ષણ સમિતિ,
જિલ્લા પંચાયત, અમરેલી



શુભ દીપાવલી
નૂતન વર્ષાભિનંદન

ૐ સર્વ ભવન્તુ સુખિનઃ સર્વ સન્તુ નિઃરામયાઃ । સર્વ ભદ્રાણી પશ્યન્તુ, મા કશ્ચિદ્ દુઃખ ભાગ્ભવે ॥

LIVE & LET LIVE

અમરેલી શહેરમાં સ્થાપતિ ૧૦૦ (એકસો)થી વધુ વર્ષોથી મુલ્યોની સાતત્યતા સાથે સમગ્ર પ્રવાહમાં ક્રમશઃ વિકાસની કેડી કંડારતી ઉતરોત્તર સમગ્ર સૌરાષ્ટ્રના દરેક જિલ્લામાં વિસ્તરતી જતી પેઢી દર પેઢીથી વિશ્વાસ સંપાદિત અને સંતુષ્ટ વિશાળ ગ્રાહકવૃંદ ધરાવતી પેઢી મે. પરીખ ભાણજી વનમાળીદાસ સર્વે ગ્રાહક વર્ગને ''દિપાવલી પર્વ'' ની તેમજ નવા વર્ષની હાર્દિક શુભેચ્છા પાઠવે છે. પેઢીની વિકાસ યાત્રામાં સતત સહભાગી એવા કારીગર પરિવાર વર્ગ, સ્ટાફ પરિવાર, હોલસેલ વેપારી વર્ગ તેમજ વ્યવસાય સાથે સંકળાયેલ તમામ વેપારી અને વ્યવસાયીક એકમો તેમજ સરકારી વિભાગો, બેંક વિગેરેનો સાથ સહકાર મેળવવા બદલ ખૂબ ખૂબ આભાર વ્યકત કરે છે. ગત વર્ષ દરમ્યાન જાણે અજાણે પેઢી દ્વારા કોઈ ભૂલ થઈ હોય તે બદલ ''મિચ્છામી દુકડમ્'' આગામી વર્ષ સમાજના સર્વે વર્ગોને આરોગ્યપ્રદ, સુખમય અને સમૃધ્ધિમય રહે તેવી પરમ કૃપાળુ પરમાત્મા પાસે પ્રાર્થના....

પરીખ ભાણજી વનમાળીદાસ પરિવારના જયશ્રી કૃષ્ણ

પરંપરાગત તથા આધુનિક શૈલીના વિશાળ રેન્જનાં હોલમાર્ક આભૂષણોનો આધુનિક શો-રૂમ

સોના ચાંદીના વેપારમાં પેઢી દર પેઢીથી અમરેલી જિલ્લા તેમજ તેને સંલગ્ન જિલ્લા જૂનાગઢ, ગીર સોમનાથ, ભાવનગર, બોટાદ અને રાજકોટ સહિતના જિલ્લાઓમાં ગુંજતું નામ એ જ ૧૦૦ વર્ષની પેઢીનું ગૌરવ - મૂડી....

મે. પરીખ ભાણજી વનમાળીદાસ

સરજુ ચોક, ટાવર પાસે, અમરેલી,
ફોન.નં. ૦૨૭૯૨-૨૨૨૨૭૧, ૨૨૨૮૬૮
email. : parikh.bhanaji@gmail.com

શુભ દીપાવલી
નૂતન વર્ષાભિનંદન


આજના વિક્રમ સંવત ૨૦૮૩ના
મંગલ પ્રભાતથી પ્રારંભ થતું
નવું વર્ષ સર્વોને સુખદાયી નીવડે તથા
દરેક શુભ સંકલ્પો અને રિદ્ધિ સિદ્ધિના
સુંદર શમણાઓ
સાકાર બનાવે તેવી શુભકામનાઓ...

:: શુભેચ્છક ::

રમેશભાઈ નારીયા
જયસુખભાઈ મોણપરા

મધુરમ કન્સ્ટ્રકશન કું.





"સ્વચ્છતા ત્યાં પ્રભુતા" "સ્વચ્છ અમરેલી" "સુંદર અમરેલી"

અમરેલી નગર સેવા સદન- અમરેલી

"આઝાદી કા અમૃત મહોત્સવ - ૨૦૨૬"

નગરપાલિકા દ્વારા સર્વનો સાથ, શહેરનો વિકાસ
"સ્વચ્છ અમરેલી, સુંદર અમરેલી" ઉક્તિને સાર્થક
કરવા તમામ શહેરીજનોના સાથ અને
સહકારની અપેક્ષા છે. દિપાવલી તેમજ નૂતનવર્ષ-૨૦૨૬
નિમીતે નીચે મુજબના સ્વચ્છતાનાં સંકલ્પ કરીએ.



(૧) નગરને સ્વચ્છ અને સુંદર બનાવવા સહયોગ આપીએ.
(૨) ઘરનો ભીનો કચરો-સુકો કચરો અલગ-અલગ કચરા પેટીમાં નાખીએ.
(૩) નગરપાલિકાની ડોર ટુ ડોર કચરાનાં કલેકશનની સુવિધાનો મહતમ લાભ લઈએ.
(૪) પ્લાસ્ટીકના ઝબલાનો બહિષ્કાર કરીએ.
(૫) નગરને હરીયાળુ બનાવવા વૃક્ષારોપણ કરીએ અને વૃક્ષને ઉછેરવાનો સંકલ્પ કરીએ.
(૬) પાણીનો કરકસર યુક્ત ઉપયોગ કરીએ અને તેનો બગાડ કરશો નહિ.
(૭) આવો આપણા નગરને ઝીરો વેસ્ટ ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુક્ત બનાવીએ
(૮) નગરપાલિકાનાં કરવેરા નિયમિત ભરીએ.
(૯) નગરપાલિકાનાં વિસ્તારમાં કોઈપણ ખોદકામ કરતાં પહેલા નગરપાલિકાનીપૂર્વ મંજુરી મેળવવી જરૂરી છે.

શુભેચ્છક

વિરલભાઈ લાભુભાઈ પોપટ
ઉપપ્રમુખ અમરેલી નગરપાલિકા
અમરેલી

વૈશાલીબેન એસ. માંગરોળીયા
પ્રમુખ અમરેલી નગરપાલિકા
અમરેલી

વિનોદ સી. રાઠોડ
ચીફ ઓફીસર
અમરેલી નગરપાલિકા અમરેલી

મૌલિકભાઈ જે. ઉપાધ્યાય
અધ્યક્ષ, કારોબારી સમિતી
અમરેલી નગરપાલિકા અમરેલી

તથા તમામ સદસ્યશ્રીઓ તથા કર્મચારી ગણ

શુભ દીપાવલી -
નૂતન વર્ષાભિનંદન



પ્રમુખ
નયનાબેન કાપડીયા

ઉપપ્રમુખ
નૂતનબેન તન્ના

ચેરમેન
જીગ્નેશભાઈ ટાંક

દંડક
અરવિંદભાઈ મેવાડા

પક્ષના નેતા
દીનેશભાઈ રાઠોડ

સાવન રતાણી - ચીફ ઓફિસર

આજના વિક્રમ સંવત ૨૦૮૩ના મંગલ પ્રભાતથી પ્રારંભ થતું
નવું વર્ષ સર્વોને સુખદાયી નીવડે તથા દરેક શુભ સંકલ્પો અને
રિદ્ધિ સિદ્ધિના સુંદર શમણાઓ સાકાર બનાવે તેવી શુભકામનાઓ...



તથા તમામ સભ્યો અને કર્મચારી ગણ

નગરપાલિકા સાવરકુંડલા

શુભ દીપાવલી
નૂતન વર્ષાભિનંદન

આજના મંગલ પ્રભાતથી પ્રારંભ થતું નવું વર્ષ
સર્વોને સુખદાયી નિવડે અને આપ અને આપનો પરિવાર
હર હંમેશ સુખમય રહે અને નૂતન વર્ષ આપના માટે
મંગલમય રહે એવી શુભકામનાઓ.

:: શુભેચ્છક ::

શ્રી મેહુલભાઈ વઘાસીયા

દ્વારકેશ કન્સલ્ટન્ટ
અમરેલી.

શુભ દીપાવલી નૂતન વર્ષાભિનંદન

વિક્રમ સવંત ૨૦૮૩નું નૂતન વર્ષ આપને તથા આપના પરિવારજનોને
સર્વે પ્રકારે લાભદાયી, સુખદાયી અને યશસ્વી નિવડે તથા આપણી
વચ્ચેના સંબંધો વધુ આત્મીય અને પ્રગાઢ બને એજ અભ્યર્થના સહ...

શુભેચ્છક

શ્રી જયદિપ બી. હિરપરા (મહામંત્રીશ્રી)
શ્રી ભનુભાઇ જીવરાજભાઇ શેખડા (પ્રમુખશ્રી)
શ્રી સરદાર પટેલ સોશ્યલ ગૃપ (તાલુકા સંગઠન) બગસરા-તમામ સભ્યશ્રીઓ

શ્રી બાબુભાઈ ભુરાભાઈ ગઢીયા – વા.ચેરમેનશ્રી
શ્રી કિરીટ ડી. નળીયાધરા –ચેરમેનશ્રી
શ્રી સરદાર પટેલ શરાફી સહકારી મંડળી લી. બગસરા
તમામ ડિરેકટરશ્રીઓ

શુભ દીપાવલી
નૂતન વર્ષાભિનંદન

આજના મંગલ પ્રભાતથી પ્રારંભ થતું નવું વર્ષ સર્વોને સુખદાયી નિવડે આપ અને આપનો પરિવાર હર હંમેશ સુખમય રહે અને નૂતન વર્ષ આપના માટે મંગલમય રહે એવી શુભકામનાઓ.

:: શુભેચ્છક ::

શ્રી ભોજલરામ નાગરિક શરાફી મંડળી લી.
ચલાલા-ધારી-અમરેલી-લાઠી-બાબરા-ખાંભા-સાવરકુંડલા

શુભ દીપાવલી
નૂતન વર્ષાભિનંદન

આજના મંગલ પ્રભાતથી પ્રારંભ થતું
નવું વર્ષ સર્વોને સુખદાયી નિવડે અને આપ અને
આપનો પરિવાર હર હંમેશ સુખમય રહે અને નૂતન વર્ષ
આપના માટે મંગલમય રહે એવી શુભકામનાઓ.

:: શુભેચ્છક ::

શિવ ૐ કન્સ્ટ્રકશન પ્રા. લી.
હાર્દિકભાઈ તારપરા
કાળુભાઈ તારપરા

શુભ દીપાવલી નૂતન વર્ષાભિનંદન

આજના મંગલ પ્રભાતથી પ્રારંભ થતું નવું વર્ષ સર્વોને
સુખદાયી નિવડે આપ અને આપનો પરિવાર હર હંમેશ
સુખમય રહે અને નૂતન વર્ષ આપના માટે મંગલમય
રહે એવી શુભકામનાઓ.

શુભેચ્છક

હિમાંશુભાઈ ધાનાણી
ડિઝાઈન પોઈન્ટ

નૂતન વર્ષાભિનંદન

નવુ વર્ષ, નવા વિચાર, નવી આશા અને નવા સંકલ્પની સાથે આપને અને આપના પરિવારને સુખ, શાંતિ અને સમૃધ્ધિ આપે નૂતન વર્ષનો અરૂણોદય આપના જીવનને નિત્ય નવ્ય ઉર્જાથી ભરપૂર કરે તેવી નૂતન વર્ષની અનેક અનેક શુભકામનાઓ...

ગાયત્રી સંસ્કાર વિદ્યાલય
હરીબા મહિલા કોલેજ
શ્રી રામ હોસ્પિટલ
માતા પિતાનું ઘર વૃધ્ધાશ્રમ
શિવ બાલાશ્રમ
શ્રી કૃષ્ણ ગૌશાળા
સંસ્કૃત શકિત ગુરૂકુળ
રક્ષા શકિત સ્કૂલ

પુ. શ્રી ડો. રતિદાદા (સંસ્થાના શિલ્પી)

ગાયત્રી સંસ્કાર ધામ
ધારી રોડ, ચલાલા,
તા. ધારી, જિ. અમરેલી.

શ્રી મહેશભાઈ મહેતા
ડાયરેકટરશ્રી (ભારતભૂષણ)

શુભ દીપાવલી
નૂતન વર્ષાભિનંદન

આજના મંગલ પ્રભાતથી પ્રારંભ થતું
નવું વર્ષ સર્વોને સુખદાયી નિવડે આપ અને આપનો
પરિવાર હર હંમેશ સુખમય રહે અને નૂતન વર્ષ
આપના માટે મંગલમય રહે
એવી શુભકામનાઓ.

શુભેચ્છક

ડો. ડી.એમ. ઉનડકટ એમ.ડી.
ડો. રૂષીતા જેઠવા એમ.ડી.
ડો. આર. ડી. ઘોડાસરા એમ.એસ.
ડો. ઉત્સવ ઉનડકટ એમ.ડી.

ડોકટર હાઉસ
કોલેજ રોડ, અમરેલી H.(02792) 223434 Mob. 98252 35114

શુભ દીપાવલી
નૂતન વર્ષાભિનંદન

આજના મંગલ પ્રભાતથી પ્રારંભ થતું નવું વર્ષ સર્વોને
સુખદાયી નિવડે અને આપ અને આપનો પરિવાર હર હંમેશ
સુખમય રહે અને નૂતન વર્ષ આપના માટે મંગલમય રહે
એવી શુભકામનાઓ.

શુભેચ્છક

શ્રી કાળુભાઈ ભંડેરી
અગ્રણી ઉદ્યોગપતિ - અમરેલી

ખાતમુહૂર્ત બાદ પણ રાજુલા તાલુકા પંચાયતની નવી ઈમારતનું કામ અધ્ધરતાલ!

અમરેલી,તા.૦૯

રાજુલા તાલુકા પંચાયતની હાલની ઈમારત અત્યંત જર્જરિત બની જતાં કર્મચારીઓ અને અરજદારોની મુશ્કેલીઓ વધી છે. તાલુકાનાં ૭૨ ગામોના લોકો સરકારી કામકાજ માટે આ કચેરીએ આવતા હોવાથી રોજ મોટી સંખ્યામાં લોકોની અવરજવર રહે છે. નવી ઈમારત બનાવવા માટે અગાઉ ખાતમુહૂર્ત પણ કરવામાં આવ્યું હતું, પરંતુ પ્રોજેક્ટ રિવાઈઝ માટે મોકલાયા બાદ કામગીરીમાં નોંધપાત્ર પ્રગતિ થઈ નથી. કચેરીના વિવિધ વિભાગોમાં જર્જરિત સ્થિતિ જોવા મળે છે અને ચોમાસામાં છતમાંથી પાણી ટપકતાં સરકારી દસ્તાવેજો તથા રેકોર્ડની સુરક્ષા સામે પણ સવાલો ઊભા થયા છે. પૂરતી સુવિધાઓના અભાવે કર્મચારીઓ પણ હાલાકી ભોગવી રહ્યા છે.















શુભ દીપાવલી
નૂતન વર્ષાભિનંદન

ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ મહુવા

સ્ટેશન રોડ, મહુવા. સેક્રેટરીઃ ફોન : (૦૨૮૪૪) ૨૨૨૫૯૬ મો.૯૯૭૪૧૧૦૯૧૦ ચેરમેન : ૨૨૨૫૨૪ મો.૯૭૨૪૬ ૩૯૪૪૪
ઈમેઈલ : apmcmahuva@gmail.com વેબસાઈટ : www.apmcmahuva.org

રાજયનાં ટોપટેન યાર્ડોમાં સ્થાન ધરાવતા મહુવા માર્કેટયાર્ડની વિશેષતા

- મહુવા માર્કેટયાર્ડ રાજયનું કાંદાનું વિખ્યાત યાર્ડ છે. તેમજ નાળીયેર માટેનું એકમાત્ર યાર્ડ છે. માત્ર યાર્ડની અંદર વાર્ષિક બે કરોડ થેલી કાંદા અને ૨ કરોડ નાળીયેરનો વેપાર થાય છે. યાર્ડમાં વર્ષ : ૨૦૨૫/૨૬ માં ૧૨૦૦ કરોડ ઉપરાંતનું ટર્નઓવર થતા યાર્ડની આવક રૂા.૧૦ કરોડ ઉપરાંત થવા પામેલ છે.
- મહુવા યાર્ડ દ્વારા તાલુકાનાં ખેડુતોને વિવિધ યોજનાઓ જેવી કે, તાલપત્રી સહાય, ટપક સીચાઈ સહાય, દવા છંટકાવ સ્પે. પંપ, તાર-ફેન્સીંગ, ઝટકા મશીન સહાય વિગેરેમાં સહાયો આપવામાં આવે છે.
- મહુવા તાલુકાનાં ૧.૯૦ લાખ ખેડુતોની રૂા.૩/- લાખની અકસ્માત વીમા પોલીસી લેવામાં આવે છે.
- માર્કેટયાર્ડમાં ૨.૫૦ લાખ ચો.ફુટનાં ઓક્ષન શેડો, ખેડુતોને આરામ માટે વી.આઈ.પી. ગેસ્ટ હાઉસ (ડોરમેટરી) આવેલ છે. જયાં ખેડુતોને માત્ર રૂા.૫૦/- માં પોતાનો પલંગ (બેડ), પંખો અને કબાટની સુવિધા આપવામાં આવે છે.
- અદ્યતન અન્નપુર્ણા ડાઈનીંગ હોલ બનાવવામાં આવેલ છે. જયાં માત્ર રૂા.૬૫/- માં અનલીમીટેડ ભોજન આપવામાં આવે છે. ડાઈનીંગ હોલની ઉપર ૭૦૦ ખેડુતોની મીટીંગ થઈ શકે તેવો વિશાળ સેન્ટ્રલી એ.સી. સરદાર હોલ બનાવવામાં આવેલ છે. સાથે સોઈલ ટેસ્ટીંગ લેબોરેટરી બનાવવામાં આવેલ છે. જયા રાહતદરે જમીન/પાણીનાં નમુનાનો રીપોર્ટ કરી આપવામાં આવે છે.
- માર્કેટયાર્ડ ખરીદ કરેલ બાજુની ૧૭ વીઘા જમીનમાં વિશાળ ઓક્ષન શેડ (હીમાલય) તેમજ આર.સી.સી. રસ્તાઓ, ગોડાઉનો, ટોયલેટ બ્લોક વિગેરે રૂા.૧૨/- કરોડ ઉપરાંતનાં ખર્ચે સુવિધાઓ ઉભી કરવામાં આવેલ છે. જેમાં સરકારશ્રી તરફથી પણ રૂા.૨.૪૦ કરોડ સહાય મળેલ છે.
- માર્કેટયાર્ડનું વિશાળ કોર્પોરેટ કક્ષાનું ઓફીસ બીલ્ડીંગ બનાવવામાં આવી રહેલ છે. વેપારીઓને માર્કેટયાર્ડની અંદર જ પોતાની ઓફિસ ઉપલબ્ધ થાય તે માટે ૨૪ દુકાનો બનાવી એલોટ કરવામાં આવેલ છે. તેમજ હજુ ૨૦ દુકાનો ત્થા ગોડાઉનો બનાવવામાં આવી રહેલ છે.
- સમગ્ર બજાર યોગાનની સ્વચ્છતા રાજયમાં આપણી ઓળખ છે.

:: શુભેચ્છક ::


ગભરૂભાઈ કામળીયા
ચેરમેનશ્રી


વિ. પી. પાંચાણી
સેક્રેટરીશ્રી


બાબુભાઈ જોળીયા
વા.ચેરમેનશ્રી

બોર્ડ ઓફ ડાયરેકટર્સ



ઘનશ્યામભાઈ પટેલ


જસુભાઈ કાતરીયા


કનુભાઈ કાતરીયા


રાણાભાઈ ગોહિલ


જીતેન્દ્રભાઈ જાની


આલીંગભાઈ કામળીયા


વેલજીભાઈ બારૈયા


કરશનભાઈ શેલાણા


અશોકભાઈ કાપડીયા


પ્રવીણભાઈ જોષી



પંકજભાઈ સેતા


જીલુભાઈ ભુકણ

તથા તમામ કર્મચારી ગણ અને સદસ્યશ્રીઓ

ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ મહુવા

વાર્ષિક રાશી - ભવિષ્ય વિક્રમ સંવત - ૨૦૮૩



દિપાલી ડાકવાલા
(જ્યોતિષાચાર્ય)

મેષ રાશી

- **સ્વાસ્થ્યઃ** આગામી વર્ષ દરમિયાન તમારું સ્વાસ્થ્ય થોડું કમજોર રહી શકે છે, નવેમ્બર માસ પછી સ્વાસ્થ્ય સંપૂર્ણપણે સુધરશે. ૧૦ જુલાઇ પછી માતાનું આરોગ્ય સાચવવું. ૪ જુલાઇથી ૨૭ ઓગસ્ટ દરમિયાન સ્વાસ્થ્ય સાચવજો, બીમાર પડો તો તરત ડોક્ટરને બતાવજો. ૨૪ ઓગસ્ટથી ૭ ઓક્ટોબર દરમિયાન સ્વાસ્થ્ય સારું રહેશે. એકંદરે વર્ષ દરમિયાન સ્વાસ્થ્ય બાબતે પૂરતું ધ્યાન રાખવું. નહીં તો નાની-મોટી બીમારીના શિકાર બની શકો છો. જો કોઈ આર્થિક અકળામણ કરશો તો તેની સ્વાસ્થ્ય પર અસર પડી શકે છે, માટે બધું ઈશ્વર પર છોડી પહેલાં સ્વાસ્થ્ય સાચવવું.
- **પરિવારઃ** વર્ષ દરમિયાન આપને કુટુંબ સુખ ઓછું મળશે, નહિં મળે એવું નથી. પણ ખટરાગ તો રહેશે જ. ઘરની કોઈ વ્યક્તિ સાથે સંબંધ કપાવાનો યોગ બનતાં તેની અસર માતા પર પડી શકે છે. વર્ષની શરુઆતમાં તમારા ભાઈ-બહેન તમારું સારું ધ્યાન રાખશે, પણ વર્ષના અંતે તેઓ જ તમાર દુશ્મન જેવાં બની શકે છે. તેઓ તમને જમીન બાબતે તકલીફમાં મૂકી શકે છે.મોસાળ સાથેનો સંબંધ ઠીકઠીક રહેશે. જીવનસાથીનો સ્વભાવ થોડો વકરી શકે છે, બોલીને બગાડવું નહીં. પિતાની સાથે સારો મનમેળ રહેતાં, તેમનાથી તમને લાભ મળી શકે છે.
- **વિદ્યાર્થી વર્ગઃ** ધો.૧ થી ૧૨ના વિદ્યાર્થીઓને અભ્યાસમાં ખાસ કોઈ તકલીફ નહીં આવે, પણ સ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓને ભણતરમાં ખૂબ મહેનત કરવી પડશે. જ્યારે અનુસ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓ કોઈ ચિંતા કરવાની જરૂર નથી. કાયદાશાસ્ત્રના લોકોએ સખત પરિશ્રમ કરવો પડશે.
- **કારકિર્દીઃ** તમને નોકરી બાબતે જૂન સુધી માનસિક અસંતોષ રહી શકે છે. બધી જ આવડત ધરાવતા લોકો નોકરીમાં કંઈક નવો પ્રયોગ કરી શકે છે. નવું કામ, નવી જગ્યાએ નોકરી શોધી શકે છે કે પ્રમોશન મેળવી શકે છે. આગામી વર્ષ દરમિયાન કઠિનાઈઓના અંતે સારું પરિણામ મેળવી શકશો. તમારા માટે બદલી કે પ્રમોશન શક્ય છે, પણ તેમાં જોઈએ તેવો સંતોષ તમને જણાશે નહીં. જે નોકરી માટે તમે પ્રયાસ કરી રહ્યા છો, તે આગામી વર્ષમાં મેળવી શકશો.
- **નાણાંઃ** આગામી વર્ષની શરુઆતથી મે સુધીના ગાળામાં નાણાં બાબતે સામાન્ય પરિણામ મળી શકે. જૂન પછી તમારી આર્થિક સ્થિતિમાં થોડી-ઘણી વૃદ્ધિ થઇ શકે. બચતની બાબતમાં આગામી વર્ષ નબળું સાબિત થઇ શકે છે. આ વર્ષે બચત કરવી તમારા માટે કઠિન બની રહેશે. આગામી વર્ષ આવકની દ્રષ્ટિએ સારું રહેશે, પણ બચતની દ્રષ્ટિએ કમજોર રહેશે. આર્થિક બાબતે આ વર્ષે તમને એવરેજ પરિણામ મળશે.
- **શુભ દિવસઃ** મંગળવાર અને રવિવાર
- **શુભ અંકઃ** ૧-૯
- **શુભ રંગઃ** લાલ, કેસરી, મરૂન

વૃષભ રાશિ

- **સ્વાસ્થ્યઃ** આગામી વર્ષ દરમિયાન ૨૨ નવેમ્બરથી તમે સ્વસ્થ થતાં જશો. ૨૯ જાન્યુઆરીથી દોઢેક મહિનો અસ્વસ્થ રહેશો, પછી પૂરપાટ દોડશો. તણાવમુક્ત બની સારી અને પૂરતી ઊંઘ લેવાનું રાખશો. જૂના રોગો તમને સતાવી શકે છે, પરંતુ મે સુધીમાં તેમાંથી રાહત મળશે. ઓક્ટોબરથી ડિસેમ્બર દરમિયાન કંઈક નાની બીમારી સતાવી શકે છે, પણ ધ્યાન રાખશો તો વાંધો નહીં આવે. તમારે પડવા-વાગવાથી ઘણું સાચવવું પડશે. સંતાનના સ્વાસ્થ્ય બાબતે પૂરતા સજાગ રહેવું જરૂરી છે, જો કંઈ તકલીફ જણાય તો તરત સ્પેશિયાલિસ્ટને બતાવવું.
- **પરિવારઃ** ઘરના લોકોના સ્વભાવમાં બદલાવ આવી શકે છે, તેઓ તમારા દુશ્મન ન બને તેની સાવચેતી રાખવી. પરિવાર સાથે નાણાકીય બાબતે રકઝક થાય, એમાં થોડું જતું કરવાની ભાવના રાખવી. તમે તમારા પરિવારની ઈચ્છા મુજબ ચાલવાની કોશિશ કરજો. ત્યાર બાદ વર્ષના અંત સુધી પરિવાર સાથે બહુ સારી પ્રગાઢતા બની રહેશે. જો કે, વચ્ચે વચ્ચે થોડી ઘણી પરેશાનીઓ પણ જોવા મળશે. ભાઈ-બહેન સાથે સારો મનમેળ રહેશે, પણ પતિ કે પત્નીના ગુસ્સાભર્યા સ્વભાવથી સાચવીને કામકાજ કરવું હિતાવહ છે.
- **વિદ્યાર્થી વર્ગઃ** નાનાં બાળકોને ખૂબ મહેનતની જરૂર રહેશે, તેઓ ભણેલું ભૂલી ના જાય તે મા-બાપે જોવું પડશે. સમાજવિદ્યા અને ફાઈનાન્સનું ભણતા વિદ્યાર્થીઓ માટે ખૂબ સારું રહેશે, પણ પરિશ્રમ તો કરવો જ પડશે. મોટાં વિદ્યાર્થીઓને પણ ભૂલી જવાની સમસ્યા સતાવી શકે છે, એટલે તેનો ઈલાજ કરીને ભણવું સારું રહેશે.
- **કારકિર્દીઃ** જો તમે નોકરી-ધંધામાં બદલાવ લાવવાનું વિચારતા હોવ તો જૂન માસ પછી બદલાવ લાવવાનું વિચારજો. જૂન સુધી નોકરી-ધંધામાં થોડી-ઘણી મુશ્કેલીઓ પણ આવશે, જો એને સહન કરીને આટલો સમય કાઢી નાખશો તો એ પછી તમને સારો નોકરી-ધંધો મળવાની પૂરી શક્યતા છે. એટલે જૂન સુધી હાલની નોકરી જાળવી રાખવી હિતાવહ છે. આ દરમિયાન સહકર્મીઓ કે વિરોધીઓ તમને પરેશાન કરી શકે છે, પણ તેનાથી ડર્યા કે ડગ્યા વિના આ સમયગાળો સાચવી રાખશો. જૂન પછી તમારો સારો સમય આવતા તમને પ્રમોશન, બદલાવ કે ઉન્નતિ મળી રહેશે.
- **નાણાંઃ** તમે વેપાર-ધંધા-નોકરીમાં જેટલું સારું પ્રદાન કરશો, તેટલો તમને સારો આર્થિક લાભ મેળવીને બચત પણ કરી શકશો. વર્ષની શરુઆતથી માંડી ફેબ્રુઆરી માસ સુધીમાં પૈસા મેળવવાની અનુકૂળતા બની રહેશે.એ પછી જુલાઇ સુધીમાં તમે સારી એવી બચત પણ કરી શકશો. વર્ષ દરમિયાન અનુકૂળ પરિણામ મેળવી શકશો. વર્ષ દરમિયાન તમે તમારી મહેનત અને આવડત અનુસાર આર્થિક પ્રગતિ કરી શકશો.
- **શુભ દિવસઃ** શુક્રવાર અને બુધવાર
- **શુભ અંકઃ** ૨-૬
- **શુભ રંગઃ** સફેદ, ગુલાબી, આસમાની, આછો વાદળી

મિથુન રાશી

- **સ્વાસ્થ્યઃ** પરિશ્રમ અને દોડધામ તમારા સ્વાસ્થ્યને સાચવીને કરશો, તો કાંઈ વાંધો નહીં આવે. મેથી નવેમ્બર મહિના દરમિયાન વાયુ સંબંધી કોઈ સમસ્યા આવી શકે છે. એમાં જો મોટી સમસ્યા લાગે તો મેડિકલ રિપોર્ટ કરાવ્યા પછી સારવાર કરાવવી. રિપોર્ટ કરાવ્યા વિના ખોટી ચિંતા ન કરવી. તમને કોઈ વારસાગત બીમારી હોય તો તાકીદે તેની સારવાર અને દવા કરાવવી હિતાવહ બની રહેશે. એપ્રિલથી ડિસેમ્બર દરમિયાન લોહીને લગતી કોઈ સમસ્યા મૂંઝવી શકે છે, માટે કોઈપણ જાતની ખાણી-પીણીમાં બહુ ધ્યાન રાખવું હિતાવહ છે.
- **પરિવારઃ** જો નાના ભાઈ-બહેન કુંવારા હશે તો આ વર્ષે લગ્નનો મેળ બેસી શકે છે. માતાને નાણાંની તાણ ન હોવા છતાં તમારી પાસે નાણાંની અપેક્ષા રાખે.સમય જતાં માતા ભક્તિ ભણી વળી શકે છે. વર્ષ દરમિયાન સંતાનથી થોડી પરેશાની ઉઠાવવી પડે, પણ સમાધાનકારી વલણ અપનાવો તો બધું સારું થઈ જશે. જેમને સંતાનસુખ નથી તેમને આ વર્ષ દરમિયાન સંતાનસુખ મળી શકે.આ વર્ષે તમારા નાણાં માંગલિક કાર્યોમાં વપરાવાની શક્યતા વધુ રહેશે. જીવનસાથી સાથે વૈચારિક મતભેદ રહ્યા કરશે. પણ તમારા મનાવવાથી એ જલદી માની પણ જશે.
- **વિદ્યાર્થી વર્ગઃ** ધો.૮ થી ૧૨ના વિદ્યાર્થીઓએ વધુ મહેનત કરવી પડશે, જો રમતિયાળ બન્યા તો ગયા સમજો. સાયન્સ સ્ટ્રીમ વાળાને સખત પરિશ્રમ કરવો પડશે. અભ્યાસ દરમિયાન ભણવામાં ઘણાં બ્રેક પડી શકે છે, એને ધ્યાનમાં રાખીને આયોજન કરવું.
- **કારકિર્દીઃ** ઓફિસનું રાજકારણ તમારા મનને અકળાવી મુકનારું બનશે, સપકર્મીઓનો સ્વભાવ વિચિત્ર હશે. જો કે , તેમાં તમારે શાંત ચિત્તે અને ધીરજપૂર્વક સંતુલન જાળવી રાખી સૌની સાથે કામ પાર પાડવું પડશે. સ્પર્ધાત્મક પરીક્ષામાં ઝંપલાવશો, તો તેમાં પણ તમને સફળતા મળવાની શક્યતાઓ જણાય છે. આગામી વર્ષની શરુઆતથી મે માસ સુધી તમે તમારા નોકરી-ધંધાથી અસંતુષ્ટ રહેશો, પરંતુ જૂન પછી તમને તમારા નોકરી-ધંધામાં સંતોષ મળતો જણાશે. જો કે, નોકરી-ધંધાના સ્થળના સહકર્મીઓ અને ઓફિસનું વાતાવરણ તમને અનુકૂળ નહીં આવે કે ઓછું અનુકૂળ આવશે.
- **નાણાંઃ** જાન્યુઆરી સુધી થોડી ઘણી આર્થિક ખેંચનો સામનો કરવો પડશે, એ પછી આર્થિક સ્થિતિ સુધરતાં આર્થિક મજબૂતીમાં વધારો જોવા મળશે. જુલાઇ સુધીમાં કરેલી બચતને જતનપૂર્વક સંભાળીને રાખશો, નહિતર વપરાઈ જવાની શક્યતા છે. કોઈ મોટા રોકાણમાં ના પડવાની સલાહ છે. પૈસાને સુરક્ષિત રાખી, નકામા ખર્ચાને ટાળવા હિતાવહ છે.
- **શુભ દિવસઃ** બુધવાર અને શુક્રવાર
- **શુભ અંકઃ** ૩-૫
- **શુભ રંગઃ** લીલો, આછો લીલો

કર્ક રાશી

- **સ્વાસ્થ્યઃ** સ્વાસ્થ્ય બાબતે આગામી વર્ષ દરમિયાન લોહી પાતળું કે જાડું થવાની તકલીફ આવી શકે છે. માર્ચ માસ સુધી તમારું સ્વાસ્થ્ય સારું રહેશે નહીં, એની સારવાર પૈસાનું પાણી કરાવી શકે છે, પણ ખૂબ સાવચેતી રાખશો તો વાંધો નહીં આવે.
નવેમ્બરથી માર્ચ સુધીમાં છાતીમાં નાનો દુખાવો થઇ શકે છે. ૧૫ ડિસેમ્બરથી ફેબ્રુઆરીના અંત સુધીમાં ઘરના વડીલને હોસ્પિટલમાં લઇ જવા પડે. તમને ખભાનો દુખાવો અને હાર્ટ એટેક જેવું લાગી શકે, એમાં અતિ સાવચેત રહેવું સારું.એ સિવાય સ્વાસ્થ્યને લગતી બીજી કોઈ તકલીફ આવવાના યોગ નથી.
- **પરિવારઃ** આ વર્ષે તમારે પરિવાર સાથે થોડી શાંતિથી કામ લેવું પડશે. માતાનો સ્વભાવને કેન્દ્રસ્થાને રાખીને આગળ વધવું. સંતાન ગમે તે કરે તેને તમે માફ કરી દેશો. સાસરી પક્ષ સાથે સારું લેણું છે. ગામી વર્ષ મિશ્ર ફળ આપનારું બની રહેશે. વર્ષનો આરંભ બહુ સારા પરિણામ આપતો જણાય છે. પરંતુ ૬ માસ બાદ પરિવારના નાના-મોટા સભ્ય સાથે નાની-મોટી ચડભડ થઇ શકે છે. તેમની સાથે ખોટી જીદ કે વિવાદથી બચશો તો સારાં પરિણામો મેળવી શકશો. પરિવારના સહયોગથી તમારું લગ્ન જીવન સારું બની રહેશે.
- **વિદ્યાર્થી વર્ગઃ** આ વર્ષ દરમિયાન તબિયત બહુ સાચવવી, નહિતર તબિયતની અભ્યાસ પર અસર પડી શકે છે. નાપાસ વિદ્યાર્થીઓ રીટેસ્ટ આપતા લોકોને આ વર્ષે પાસ થવાની શક્યતા જણાય છે. અભ્યાસમાં ટ્યુશનની જરૂર પડી શકે એમ લાગે છે.
- **કારકિર્દીઃ** વર્ષની શરુઆતથી એપ્રિલ માસ સુધીમાં તમારી નોકરીની મજબૂતાઈ વધતી જણાશે, જો કે એ માટે તમે પૂરતો પરિશ્રમ કરશો તો તમારું કામ બનતું જણાશે. ઉપરી અધિકારીઓ તમારા કામથી પ્રસન્ન થશે. કંપનીનું સામર્થ્ય અને તમારી મહેનત મુજબ તમારી બઢતી શક્ય બની રહે. તમને ક્યારેક નાની-નાની નોકરીઓને અંતે લાંબી તરશ્ચર્યા પછી સારી નોકરી મળી શકે, માટે નોકરીના કિસ્સામાં પાછી પાની ના કરતા કે હિંમત ના હારતા. વર્ષ દરમિયાન થોડી-ઘણી સમસ્યાઓને અંતે પણ ઉન્નતિના માર્ગ તમારા માટે ખુલતાં જણાશે.
- **નાણાંઃ** જુલાઇ માસ સુધીમાં શક્ય તેટલી બચત કરી શકશો. ઓગસ્ટ સુધીમાં તમારું આર્થિક પાસું વધુ મજબૂત કરી શકશો તેમજ બચતના નાણાંનો સરખો ઉપયોગ કરી શકશો. ઓક્ટોબર પછી થોડી નાણાં ભીડ જણાશે, પણ જો તમે આયોજનથી ચાલશો તો તેને પણ પહોંચી વળશો. ડિસેમ્બર પછી સારી આર્થિક પ્રગતિ કરી શકશો. કોઈને ક્યારેય ઉછીના નાણાં ના આપતા, નહીંતર રુપિયા તો ગુમાવશો અને તમારે પણ હેરાન થવાનો વારો આવી શકે છે. માટે વ્યાજે રુપિયા આપવાના ચક્કરમાં ના પડશોં.
- **શુભ દિવસઃ** સોમવાર અને મંગળવાર
- **શુભ અંકઃ** ૨-૭
- **શુભ રંગઃ** સફેદ, સિલ્વર, દરિયાઈ લીલો, વાદળી

કોડીનાર બિલેશ્વર ખાંડ ઉદ્યોગમાં ૧૪ નવેમ્બરથી શેરડીનું પીલાણ શરૂ થશે

કોડીનાર, તા.૦૯

ગીર સોમનાથ જિલ્લાના શેરડી ઉત્પાદક ખેડૂતો માટે ખુશીના સમાચાર છે. કોડીનારના બિલેશ્વર ખાંડ ઉદ્યોગમાં ઈન્ડિયન પોટાશ લિમિટેડ દ્વારા આગામી ૧૪ નવેમ્બરથી શેરડીના પીલાણનો પ્રારંભ કરવામાં આવશે. ચાલુ વર્ષે શેરડીનો ભાવ પ્રતિ ટન રૂ.૩,૩૦૦ જાહેર કરાયો છે, જે ગત વર્ષ કરતાં રૂ.૩૦૦ વધુ છે. યુનિટ હેડ યશ સોલંકીના જણાવ્યા મુજબ આ વર્ષે ૧૦૦ થી ૧૨૦ દિવસ સુધી પીલાણ ચાલવાની શક્યતા છે. ઉદ્યોગે ત્રણ લાખ મે ટ્રિક ટન પીલાણનો લક્ષ્યાંક રાખ્યો છે. અત્યાર સુધીમાં ૧૧ હજારથી વધુ ખેડૂતોએ નોંધણી કરાવી છે. શેરડીના નાણાં ૧૪ થી ૧૫ દિવસમાં ખેડૂતોના ખાતામાં જમા થશે. ટપક સિંચાઈ માટે સહાય અને મેડિકલ વેનની સુવિધા પણ અપાશે.



કોડીનાર તાલુકાના વેલણમાં ભારતના ત્રીજા સ્પેસપોર્ટની સંભાવનાઓને વેગ

કોડીનાર, તા.૦૯

ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના વેલણ ગામે ભારતનું ત્રીજું સ્પેસપોર્ટ વિકસાવવાની દિશામાં સરકારી કામગીરી તેજ બની છે. રાજ્યના વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ શિક્ષણ મંત્રી ડૉ. પ્રદ્યુમનભાઈ વાજા સાથે પ્રસ્તાવિત સ્થળની મુલાકાત લઈ જમીનનું નિરીક્ષણ કર્યું હતું. આ અંગે જિલ્લા કલેક્ટર, મહેસૂલી અધિકારીઓ, IN-SPACE અને GSEMના પ્રતિનિધિઓ સાથે બેઠક યોજાઈ હતી. જેમાં જમીનના રેકોર્ડ, સર્વે નંબર, માલિકી હક, લોજિસ્ટિક્સ અને કનેક્ટિવિટી અંગે ચર્ચા કરવામાં આવી હતી. વેલણ ખાતે સ્પેસપોર્ટ સાકાર થાય તો ગીર સોમનાથ જિલ્લાને અવકાશ ક્ષેત્રે નવી ઓળખ મળવાની સાથે ઔદ્યોગિક વિકાસ અને રોજગારીની તકો વધવાની સંભાવના છે. જોકે, હાલ પ્રાથમિક મૂલ્યાંકન ચાલી રહ્યું છે. પૂર્વ સાંસદ દિનુભાઈ સોલંકી સહિત આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.





- ટેકાનાં ભાવે જણસીઓની ખરીદી.
- મલ્ટી કોમોડીટી કલીનીક અને ગ્રેડીંગ ફેસીલીટી.
- વે-બ્રિજ તેમજ વોટર કુલરની સુવિધા.
- ખેડૂત ખાતેદારો માટે આકસ્મિક વીમા યોજના.
- આકર્ષક ઓક્ષન શેડ, આર.સી.સી.રોડ.
- ખેડૂતો માટે ગેસ્ટ હાઉસની સુવિધા

...શુભેચ્છક...

શ્રી સાવરકુંડલા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ - સાવરકુંડલા

માલાણી દિપકભાઈ કુરજીભાઈ
પ્રમુખશ્રી
(ડીરેક્ટર)
કોઠીયા દુર્લભજીભાઈ મનજીભાઈ
માલાણી ચેતનભાઈ છગનભાઈ
રાદડીયા રમણીકલાલ વીરજીભાઈ
ખુમાણ જસુભાઈ શાર્દુળભાઈ
રાદડીયા અતુલભાઈ શામજીભાઈ
કાનાણી હાર્દિકકુમાર મનજીભાઈ

લાખાણી મહેશભાઈ મધુભાઈ
ઉપપ્રમુખશ્રી
(ડીરેક્ટર)
વિરાણી કાળુભાઈ વિરજીભાઈ
ઠુંમર કલ્પેશભાઈ હિંમતભાઈ
માલાણી અશ્વિનભાઈ ખીમજીભાઈ
મશરૂ હરેશભાઈ ધીરજલાલ
રામાણી અંકુર બાવચંદભાઈ

શ્રી જતીનભાઈ માલાણી
સેક્રેટરી
(ડીરેક્ટર)
બલદાણીયા દેવાતભાઈ વાઘાભાઈ
માલાણી બાબુભાઈ ગોવિંદભાઈ
નાયક નિયામકશ્રી,ખે.બ.અને ગ્રા, અર્થતંત્ર અને જિલ્લા રજિસ્ટ્રાર,સ.મ. અમરેલી
શ્રી જિલ્લા ખેતીવાડી અધિકારી (જિ.પં.) અમરેલી
માર્કેટીંગયાર્ડના તમામ કર્મચારીગણ-સાવરકુંડલા



...શુભેચ્છક...

શ્રી એચ. એ. કાતરીયા
ચીફ ઓફિસરશ્રી

શ્રી ચિરાગભાઈ સી. પરમાર
કારોબારી ચેરમેનશ્રી

શ્રી વિપુલભાઈ બી. પાથર
ઉપપ્રમુખશ્રી

શ્રી નિરવભાઈ આર. ગોંડલીયા
પ્રમુખશ્રી

સદસ્યશ્રીઓ

શ્રી કરણભાઈ એન. વાળા
શ્રી રમેશભાઈ જી. હિરપરા
શ્રી નયનભાઈ વી. પરમાર
શ્રી રમેશભાઈ એમ. સતાણી
શ્રી દિનેશભાઈ બી. હડીયલ
શ્રી ભાવેશભાઈ સી. પરમાર
શ્રી વિપુલભાઈ બી. જાદવ
શ્રી નિલેશભાઈ એચ. એપા

શ્રી સોનલબેન આર. ઢોલરીયા
શ્રી વિશ્વાબેન વાય. નકુમ
શ્રી વિણાબેન એન. સરવૈયા
શ્રી ઈલાબેન એચ, જેબલીયા
શ્રી હંસાબેન જે. તેરૈયા
શ્રી સંગીતાબેન એસ. જાદવ
શ્રી મનિષાબેન ડી. આદ્રોદા
શ્રી દક્ષાબેન ડી. કીકાણી

શ્રી અસ્મિતાબેન વી. સોજીત્રા
શ્રી ચંદ્રીકાબેન એમ. જલસાણીયા
શ્રી કોમલબેન આર. સોનગરા
શ્રી અનિલકુમાર એન. શેખ
શ્રી જમાલભાઈ પી. સરવૈયા
શ્રી વિઠ્ઠલભાઈ આર. લાખાણી
શ્રી રજીયાબેન એચ. હૈદરા
શ્રી ફરજાનાબેન બી. બીલખીયા
શ્રી નિર્મળાબેન એમ. રવૈયા

તથા તમામ કર્મચારી ગણ - નગરપાલિકા - બગસરા.

વાર્ષિક રાશી - ભવિષ્ય વિક્રમ સંવત - ૨૦૮૩



દિપાલી ડાકવાલા
(જ્યોતિષાચાર્ય)



સિંહ રાશિ

- **સ્વાસ્થ્યઃ** આગામી વર્ષ મિશ્ર ફળદાયી બની રહેશે. એપ્રિલ માસ સુધીનો સમય સારો ન રહે. જેમને છાતી, ઘૂંટણ, કમર, માથાની સમસ્યા હોય તેઓએ ફેબ્રુઆરીથી મે માસ દરમિયાન સાચવવું જરુરી છે, સારવારમાં જાગૃતિ લાવવી. એ પછીનો સમય જૂના રોગોને દૂર કરવામાં અને સ્વસ્થ રહેવામાં મદદરુપ બનશે, જો કે જાગરુકતા જરુરી છે.
- **પરિવારઃ** વર્ષની શરુઆતથી મે માસ સુધી પારિવારિક સંબંધો સારા બની રહેશે. મે માસ પછી પારિવારિક સંબંધોમાં થોડી કમજોરી આવી શકે છે, જેથી અગાઉ જેવાં પરિણામો મેળવવામાં અસમર્થ બનશો. આ દરમિયાન પરિવાર વચ્ચે અસંતુલન કે અસંતોષ જોવા મળી શકે. ઓગસ્ટ પછી પારિવારિક સમસ્યાઓ દૂર થઈ શકશે, એ પછી જૂની સમસ્યાઓમાંથી રાહતનો શ્વાસ લઈ શકશો, એ પછી પારિવારિક સહયોગમાં વૃદ્ધિ જોવા મળશે. તમે ક્યારેક પરિવારના સભ્યોના અવિશ્વાસ પાત્ર બની શકો છો, માટે પરિવારના તમામ સભ્યોને વિસ્વાસમાં લઈને જ કામકાજ કરજો.
- **વિદ્યાર્થી વર્ગઃ** ધો.૧ થી ૮ના વિદ્યાર્થીઓને આ સાલ અભ્યાસમાં લગ્ન, માંગલિક પ્રસંગ, તબિયત વગેરેના કારણે રજા પડવાના કિસ્સા વધે તેમ છે, એટલે શક્ય એટલી નિયમિતતા જાળવી રાખી ભણશો તો વાંધો નહીં આવે, નહિતર પરીક્ષામાં મુશ્કેલી આવી શકે છે.
- **કારકિર્દીઃ** જો તમે નોકરી-ધંધામાં બદલાવ લાવવાનું વિચારતા હોવ તો રહેવા દો. જૂન માસ પછી આ જ નોકરીમાં તમને સારો લાભ મળી શકે એમ છે. હાલ, તમારી અગ્નિપરીક્ષા ચાલી રહી છે, માટે જ્યાં છો ત્યાં ટકી રહો અને કઠિન સમયને પસાર થઈ જવા દો, તમે તમારા કામમાં પ્રામાણિક રહીને આગળ વધો. તમારી મહેનતનું પરિણામ તમને મળશે જ, પણ એ માટે તમારે થોડા મહિના ધીરજ રાખીને રાહ જોવી પડશે. તમને અનુકૂળ કોઈ સરકારી પરીક્ષા આપવામાં ઝંપલાવી શકો છો, એમાં પાસ થવાની શક્યતા પણ દેખાય છે. પણ મહેનત સખત કરવી પડશે.
- **નાણાંઃ** આગામી વર્ષની શરુઆતથી એપ્રિલ માસ સુધીનો સમય જોઈએ તેટલો સારો જણાતો નથી. એપ્રિલના બીજા વીકથી સમય સુધરતો જતાં તમારી આર્થિક સ્થિતિ પણ સુધરતી જણાશે. આગામી વર્ષ દરમિયાન તમારા પગારમાં સરખો વધારો મળતાં, તમારી આર્થિક દશા મજબૂત થતી જોવા મળશે. તમને તમારી મહેનતના પ્રમાણમાં ૧૦૦ ટકા નહીં, પણ ૭૦-૭૫ લાભ મળી શકશે. નોકરી ઉપરાંત, પાર્ટ ટાઇમ તમને આવડતાં બીજાં કોઈ કામકાજથી પણ આવક મેળવી શકશો. ટીપે ટીપે સરોવર ભરાયની વૃત્તિથી કામ કરશો, તો સારી આવક મેળવવાની સાથોસાથ સારી બચત પણ કરી શકશો.
- **શુભ દિવસઃ** રવિવાર અને મંગળવાર
- **શુભ અંકઃ** ૧-૫
- **શુભ રંગઃ** નારંગી, પીળો



કન્યા રાશી

- **સ્વાસ્થ્ય :** સ્વાસ્થ્ય બાબતે આગામી વર્ષની શરુઆતથી મે માસ દરમિાન સ્વાસ્થ્ય સારું ન રહી શકે. મે માસ પછી ગ્રહયોગો બદલાતાં પહેલાંની સરખામણીએ સ્વાસ્થ્ય સુધરતું જણાય. ગત વર્ષથી શરુ થયેલી સ્વાસ્થ્ય સમસ્યા આ વર્ષ દરમિયાન ઘણી સારી થતી જોવા મળશે. કમર કે કમરની નીચેના ભાગમાં કોઈ તકલીફ હોય તો બેદરકારી ન રાખવી. જો કે, એવી સમસ્યા ફરીથી ન ઉદભવે તે માટે ખાણી-પીણી, યોગ-કસરતમાં ધ્યાન આપવું જરુરી બની રહે છે.
- **પરિવારઃ** આગામી વર્ષમાં મે માસ સુધી વચ્ચે વચ્ચેના સમયમાં પારિવારિક પરેશાનીઓ આવી શકે છે. જેમાં ઘરના સભ્ય સાથે અણબનાવ કે અસંમજસ જોવા મળી શકે છે, પરંતુ એ સમસ્યા જલ્દી ઠીક થઈ જશે. ક્યારેક વડીલોનો ઠપકો સાંભળવો પડે તો સાંભળી લેજો. વર્ષ દરમિયાન કોઈપણ પ્રકારની બેદરકારી ચાલી શકશે નહીં, જો કે કોઈ મોટી પરેશાની સતાવશે નહીં. વર્ષ દરમિયાન થોડો સમય સારો તો થોડો સમય ખરાબ નિવડી શકે છે. એટલે તમારા કર્મો મુજબ પારિવારિક જીવન ફળ આપશે.
- **વિદ્યાર્થી વર્ગઃ** સ્નાતક, અનુસ્નાતક વિદ્યાર્થીઓ પોતાની ધારી સફળતા મેળવી શકશે, પણ પૂર્વ શરત એ કે, તેઓઓ આ વર્ષે બધા કામ એકબાજુ મૂકી માત્ર ને માત્ર અભ્યાસમાં જ ચિત્ત પરોવવું પડશે. અગાઉ નાપાસ થયેલા વિદ્યાર્થીઓ પણ આ વર્ષે પાસ થઈ જશે.
- **કારકિર્દીઃ** કારકિર્દી બાબતમાં મિશ્ર પરિણામ મળી શકે છે. નાની-મોટી કઠિનાઈઓને અંતે તમે તમારા લક્ષ્ય સુધી પહોંચી શકશો. આ સમયગાળા દરમિયાન તમારા નોકરી-ધંધામાં પ્રમોશનની શક્યતા જણાય છે. માર્ચ માસ પછી થોડી કઠિનાઈઓ વધી શકે છે, તેમાં જો તમે ઈમાનદારીથી કામ કરશો તો નોકરી સુરક્ષિત રાખી શકશો. વર્ષ દરમિયાન કઠિનાઈઓનો સામનો કરવો પડશે, પરંતુ પરિણામ તમારા પક્ષમાં આવતું જણાશે.
- **નાણાંઃ** નાણાં બાબતે મેના અંત સુધીમાં તમે તમારા પરિશ્રમને અનુરૂપ સારો નફો કરીને તમારા આર્થિક પાસાંને મજબૂત કરી શકશો. જ્યારે મે પછીનો સમયગાળો તમને સારી બચત પણ કરાવશે. આ વર્ષ તમારા આર્થિક પાસાંને મજબૂત કરાવનારું નિવડશે. જો કે, સાથોસાથ તમારે જરુરી બચત પણ કરવી જ પડશે, કેમ કે નાણાંભીડ વખતે તમારી કરેલી બચત જ તમને ઉગારશે.
- **શુભ દિવસઃ** બુધવાર અને શુક્રવાર
- **શુભ અંકઃ** ૩-૬
- **શુભ રંગઃ** પીચ, બોટલ ગ્રીન



તુલા રાશી

- **સ્વાસ્થ્યઃ** સ્વાસ્થ્ય બાબતે આગામી વર્ષમાં જરા પણ બેદરકારી ચાલશે નહીં. માર્ચ માસ સુધી તમારામાં આળસનો ભાવ આવી શકે છે. ક્યારેક શરીરનો કે સાંધાનો દુખાવો થઈ શકે છે. એમાંય મે માસ પછી સ્વાસ્થ્ય બાબતે વધારે સાચવવું પડશે. ખાસ કરીને પેટની સમસ્યા, માથાનો દુખાવો કે ચિત્તભ્રમની તકલીફ થઈ શકે. તમારી ખાણી-પીણી પણ અસંયમિત રહી શકવાથી ગેસ, અપચોની સમસ્યા થઈ શકે, તેનાથી સાચવવું જરુરી બની રહે છે.
- **પરિવારઃ** આગામી વર્ષમાં કોઈ પારિવારિક સમસ્યા ઉદ્ભવતી જણાતી નથી. પણ જો કોઈ પારિવારિક સમસ્યા આવતી જણાય તો તેને મોટી ન થવા દેતાં સૌ સાથે મળીને પરિસ્થિતિ વકરતાં પહેલાં તેનું સમાધાન લાવી દેવું. આગામી માર્ચ માસ પછી થોડી થોડી પરેશાનીઓ વધવા પામી શકે છે, જેને પરિવારના સહયોગથી દૂર કરી શકશો. એમાં ય જો કોઈ પારિવારિક કામ તમારા ફાળે આવે તો તેને તરત જ પૂરું કરી લેવાથી મુશ્કેલીઓમાં વધારો થતો અટકશે. એટલે કે, તમારા કામ તમારે સમયસર પૂરાં કરી લેવાં, જેથી કોઈ સમસ્યા ઉદભવે જ નહીં. સાથોસાથ અયોગ્ય ખર્ચાથી બચીને રહેજો.
- **વિદ્યાર્થી વર્ગઃ** અગાઉની કોઈ પરીક્ષામાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓ આ સાલ પાસ થઈને આગળનો અભ્યાસ બહુ સારી રીતે કરી શકશે. ધો.૧૦-૧૨ના વિદ્યાર્થીઓએ બોર્ડ એક્ઝામમાં સઘન પ્રેકટિસ કરવી પડશે, તો જ ધાર્યું પરિણામ મેળવી શકશે.
- **કારકિર્દીઃ** તમારા ઉપરી તમારા કામમાં થોડી-ઘણી ખામી કાઢશે, તેમ છતાં તેઓ તમારા કામથી પ્રભાવિત થશે તેમને સંતોષ આપી શકશો. તમને જે કામ-ધંધા કે નોકરીમાં રસ-રુચિ ન હોય તેમાં ન જશો, નહિતર તમારે માનસિક હેરાનગતિનો સામનો કરવો પડી શકે છે. નોકરીની દ્રષ્ટિએ આગામી વર્ષ ઘણું સારું બની રહેશે. જો કે નોકરીમાં તમારા કામનું દબાણ વધી શકે છે, પરંતુ તમે તમારા કામને સારી રીતે પૂરું કરી શકશો.
- **નાણાંઃ** આવકના દ્રષ્ટિકોણથી આગામી વર્ષ સામાન્ય રીતે સારું રહી શકે છે, એમાંય મે માસ સુધી બચત કરવાના સારા યોગ જણાય છે. સાથોસાથ બચતનાં નાણાંને સુરક્ષિત પણ કરી શકશો. પરિણામે તમારું આર્થિક પાસું વધારે મજબૂત બની શકશે. આવકનો સ્ત્રોત મજબૂત રહેશે અને તમે તમારા કર્મો
- **શુભ દિવસઃ** શુક્રવાર અને સોમવાર
- **શુભ અંકઃ** ૫-૮
- **શુભ રંગઃ** સફેદ- ગુલાબી



વૃશ્ચિક રાશી

- **સ્વાસ્થ્યઃ** વર્ષની શરુઆતથી એપ્રિલ સુધી સારું રહે પછી થોડી કમજોરી આવી શકે છે. હદય કે છાતીને લગતી સમસ્યા હોય તેઓએ એપ્રિલ પછી વધુ સાવધાની રાખવી જરુરી છે, જૂન પછી એ પરેશાની ઘટતી જશે. પણ ત્યાં સુધી બહુ સાચવવું પડે. વર્ષ દરમિયાન મધ્યમાં થોડી સમસ્યા આવે, પરંતુ સંયમ અને સમજદારીથી સમસ્યા જલ્દી દૂર થઈજશે.
- **પરિવારઃ** ઘરના વડીલો સાથે મતભેદ રહ્યા કરે, અને તમારા કારણે મા-બાપમાં વિખવાદ ના થાય તે જોવું. નાના ભાઈ-બહેન સાથે મનમેળ સારો રહેશે. કોઈ પાત્ર કુંવારું હશે તો આ વર્ષે એનું લગ્ન ચોક્કસ થઈ જશે, પણ એ માટે ભરપૂર પ્રયત્નો કરવા પડશે.ક્યારેક સંતાન જીદ કરે તો તેને માન આપી તેને યોગ્ય જીદને સંતોષવા પ્રયાસ કરવો, પણ સાવ અવગણવી નહીં, નહિતર તેનું પરિણામ ખરાબ આવી શકે છે. સંતાનો સાથે પહેલીથી જ સમજાવટથી કામ લેવું અને એમને પૂરતો સમય પણ આપવો.
- **વિદ્યાર્થીઃ** હોશિયાર વિદ્યાર્થીઓને પણ આ વર્ષે ખૂબ પરિશ્રમ કરવો પડશે, અને મન દઈને ભણવું પડશે. પરીક્ષા વખતે તમે ઉત્તમ દેખાવ કરી શકશો. જેથી તમે તમારું ધાર્યું પરિણામ લાવી શકશો. એ માટે અથાગ દિનરાત મહેનત કરવી પડશે. આ વર્ષે તમે જે સ્ટ્રીમમાં હશો તેને બદલવાની ઈચ્છા થશે, પણ તે બદલવી નહીં, તેને જાળવી રાખવી. આગળ જતાં બધું બરાબર થઈ જશે.
- **કારકિર્દીઃ** વર્ષ દરમિયાન થોડી-ઘણી સમસ્યાને અંતે ઉન્નતિના માર્ગ ખુલશે. એપ્રિલ સુધીમાં તમારી નોકરીની મજબૂતાઈ વધતી જણાશે, એ માટે પૂરતો પરિશ્રમ કરશો તો કામ બનશે.ઉપરી અધિકારી કામથી પ્રસન્ન થશે. કંપનીનું સામર્થ્ય અને તમારી મહેનત મુજબ બઢતી શક્ય બનશે.
- **નાણાંઃ** મે માસ સુધી બચત કરવાના સારા યોગ જણાય છે.સાથે બચતનાં નાણાંને સુરક્ષિત પણ કરી શકશો. જેથી આર્થિક પાસું વધુ મજબૂત બનશે.આવકનો સ્ત્રોત મજબૂત રહેશે અને તમારા કર્મો દરમિયાન આર્થિક સમસ્યા દૂર થશે. માર્ચ પછી મે સુધીમાં બધી આર્થિક સમસ્યા દૂર થશે.
- **શુભ દિવસઃ** મંગળવાર અને ગુરુવાર
- **શુભ અંકઃ** ૨-૪
- **શુભ રંગઃ** જાંબલી, લાલ

દિવાળી પર્વે કાગવડનું વિશ્વપ્રસિધ્ધ શ્રી ખોડલધામ મંદિર દિવ્ય અને આકર્ષક રોશનીથી ઝળહળી ઉઠ્યું

રાજકોટ,તા.૦૯

દિવાળી અને નૂતન વર્ષના પાવન પર્વ નિમિત્તે રાજકોટના કાગવડ સ્થિત વિશ્વપ્રસિધ્ધ ખોડલધામ મંદિર ખાતે ભવ્ય લાઈટિંગ શણગાર કરવામાં આવ્યો છે. નિજ મંદિર, શિખર, પ્રવેશદ્વાર, માર્ગો અને બગીચાઓ એલ.ઈ.ડી. તેમજ મલ્ટી-કલર



રોશનીથી ઝગમગી ઊઠ્યા છે. પરિસરમાં વિશાળ રંગોળીઓ સજાવાશે અને મા ખોડલને રોજ વિશિષ્ટ શણગાર ધરાવાશે. તહેવારોમાં દર્શનાર્થીઓની ભારે ભીડને ધ્યાનમાં રાખીને ટ્રસ્ટ દ્વારા સુરક્ષા, પાણી અને ૪ વિશાળ પાર્કિંગ સહિત સુચારું વ્યવસ્થા ગોઠવવામાં આવી છે, જેમાં ૩૦૦ થી વધુ સ્વયંસેવકો સેવા આપશે. મંદિર પરિસર સવારે ૫:૩૦ વાગ્યે ખૂલશે અને દર્શન સવારે ૬:૦૦ થી રાત્રે ૯:૦૦ વાગ્યા સુધી ખુલ્લા રહેશે, જ્યારે સમગ્ર કેમ્પસ રાત્રે ૯:૩૦ કલાકે બંધ થશે. માતાજીની આરતી સવારે ૭:૦૦ અને સાંજે ૭:૦૦ કલાકે થશે. ટ્રસ્ટે શ્રધ્ધાળુઓને શુભકામનાઓ પાઠવી છે.

નિજ મંદિર, શિખર અને પરિસરમાં મનોહર લાઈટિંગ સાથે બે વિશાળ રંગોળીઓનું આયોજન; લાખો દર્શનાર્થીઓ માટે ૩૦૦ થી વધુ સ્વયંસેવકો અને ૪ વિશાળ પાર્કિંગની વ્યવસ્થા

કોડીનાર જૂથ પાણી પુરવઠા યોજના ૩.૧૨૭.૫૭ કરોડના ખર્ચે સાકાર થશે

કોડીનાર, તા.૦૯

ગીર સોમનાથ જિલ્લાના માલગામ ખાતે ૩.૧૨૭.૫૭ કરોડના ખર્ચે કોડીનાર જૂથ સુધારણા પાણી પુરવઠા યોજનાનું રાજ્યકક્ષાના મંત્રી ઈશ્વરસિંહ પટેલ અને શિક્ષણ મંત્રી ડૉ. પ્રદ્યુમનભાઈ વાજાના હસ્તે ખાતમુહૂર્ત કરાયું હતું. આ યોજના હેઠળ કોડીનાર, સૂત્રાપાડા અને ગીરગઢડાના ૭૩ ગામો તથા ૩ પરાની ચાર લાખની વસ્તીને શુધ્ધ પાણી મળશે. ૨૪ મહિનામાં પૂર્ણ થનારી યોજનામાં ૧૭૭ કિમી પાઈપલાઈન નાખવામાં આવશે. આ પ્રસંગે પૂર્વ સાંસદ દિનુભાઈ સોલંકીએ સૌની યોજના હેઠળ ડેમો ભરી સ્થાનિક નદીઓને જીવંત કરવાની રજૂઆત કરી હતી.



તસવીર : કુલદીપ પાઠક

શુભ દીપાવલી
નૂતન વર્ષાભિનંદન

શુભેચ્છક

શ્રી વેકરીયા કાંતિભાઈ જાદવભાઈ
(ચેરમેનશ્રી)

શ્રી હિરપરા ઘનશ્યામભાઈ મનસુખભાઈ
(વાઈસ ચેરમેનશ્રી)

શ્રી વિનોદભાઈ માંડણકા
(સેક્રેટરી)

સભ્યશ્રીઓ

શ્રી પ્રદિપભાઈ જયંતિભાઈ ભાખર
શ્રી રાંક દેવરાજભાઈ પરસોતમભાઈ
શ્રી ભરતભાઈ ધનજીભાઈ ભાલાળા
શ્રી કિશોરભાઈ કાળુભાઈ બાબરીયા
શ્રી રાજેશભાઈ જેરામભાઈ રાબડીયા
શ્રી વલ્લભભાઈ શામજીભાઈ ગોધાણી
શ્રી જયંતિભાઈ મનજીભાઈ વેકરીયા
શ્રી ઝવેરભાઈ રણછોડભાઈ સાવલીયા
શ્રી રફાળીયા સંજયભાઈ મનસુખભાઈ
સહકારી અધિકારી (બજાર) લગત
જીલ્લા રજી.સા.સં.મં. (અમરેલી)
તાલુકા વિસ્તરણ અધિકારી (ખેતી) લગત
તાલુકા પંચાયત – બગસરા

શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ બગસરા, જી.અમરેલી

શુભ દીપાવલી
નૂતન વર્ષાભિનંદન

...શુભેચ્છક...



શ્રી જયંતિભાઈ મોહનભાઈ પાનસુરીયા
પ્રમુખ



શ્રી દિપકભાઈ કુરજીભાઈ માલાણી
ઉપપ્રમુખ




શ્રી સુરેશભાઈ આર. સંઘાણી
મેનેજર

ડીરેકટરશ્રીઓ

શ્રી મનુભાઈ લવજીભાઈ કસવાળા
શ્રી ચતુરભાઈ પિઠલભાઈ દેસાઈ
શ્રી પિઠલભાઈ વશરામભાઈ ગઢિયા
શ્રી ભીખાભાઈ મસરીભાઈ કલસરીયા
શ્રી કલ્પેશભાઈ દેવરાજભાઈ ગજેરા
શ્રી હિંમતભાઈ ગોરધનભાઈ પાનસેરીયા
શ્રી હરજીભાઈ કાનજીભાઈ નારોલા
શ્રી મગનભાઈ હરીભાઈ પિરાણી
શ્રી હસુભાઈ રાણીંગભાઈ વરૂ
શ્રી અશોકભાઈ મોહનભાઈ શેલડીયા
શ્રી મનજીભાઈ રવજીભાઈ ધાનાણી
શ્રી જયસુખભાઈ કાનજીભાઈ સંઘાણી
શ્રી બાબુભાઈ ભાણાભાઈ સખવાળા

અમરેલી જીલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘ લી.

વાર્ષિક રાશી - ભવિષ્ય વિક્રમ સંવત - ૨૦૮૩



દિપાલી ડાકવાલા
(જ્યોતિષાચાર્ય)



ધન રાશિ

- **સ્વાસ્થ્યઃ** શરીરમાં વાયુ કે ચરબીનો ભરાવો થઈ શકે છે. આવામાં ભારે શરીરવાળાએ ખૂબ સાચવવું, જરૂર જણાય તો રિપોર્ટ કરાવી, નિષ્ણાત ડોક્ટર પાસે સારવાર-દવા ચાલુ કરવી. બેઠાડુ જીવન ટાળી, નિયમિત કસરત કરતાં રહેવું, જેથી શરીરમાં ચરબીની સમસ્યા પેદા ન થાય. ચરબી વધારનારા ફૂડને ત્યજી દેવાં, અને તમને અનુકૂળ ખોરાક જ લેવાનો આગ્રહ રાખવો. મે-જૂન દરમિયાન સ્વાસ્થ્યનું ખૂબ ધ્યાન રાખવું.આગામી વર્ષના મધ્ય ગાળામાં થોડી સમસ્યા આવે,પરંતુ સમજદારીથી સમસ્યા દૂર થશે.

- **પરિવારઃ** આગામી વર્ષમાં કોઈ પારિવારિક સમસ્યા ઉદ્‌ભવતી જણાતી નથી. પણ જો કોઈ પારિવારિક સમસ્યા આવતી જણાય તો તેને મોટી ન થવા દેતાં સૌ સાથે મળીને પરિસ્થિતિ વકરતાં પહેલાં તેનું સમાધાન લાવી દેવું. આગામી માર્ચ માસ પછી થોડી થોડી પરેશાનીઓ વધવા પામી શકે છે, જેને પરિવારના સહયોગથી દૂર કરી શકશો. એમાં ય જો કોઈ પારિવારિક કામ તમારા ફાળે આવે તો તેને તરત જ પૂરું કરી લેવાથી મુશ્કેલીઓમાં વધારો થતો અટકશે. એટલે કે, તમારા કામ તમારે સમયસર પૂરાં કરી લેવાં, જેથી કોઈ સમસ્યા ઉદભવે જ નહીં. સાથોસાથ અયોગ્ય ખર્ચાથી બચીને રહેજો.

- **વિદ્યાર્થીઃ** ધો.૫ થી ૮ના વિદ્યાર્થીઓ આ સાલ સારી રીતે બધી પરીક્ષા પાસ કરી શકશે, જો થોડી વધુ મહેનત કરશે તો ફર્સ્ટ ક્લાસ પણ લાવી શકે એમ છે. અટકેલા ભણતરવાળા આ વર્ષથી ફરી અભ્યાસ ચાલુ કરેશે તો ધારી સફળતા મેળવી શકે એમ છે.

- **કારકિર્દીઃ** જે લોકોને ઓફિસ બહારની નોકરી છે તેમને તેમની મહેનત પ્રમાણે ફળ મળતું રહેશે. સ્પર્ધાત્મક પરીક્ષામાં પણ અનેકવાર તક મળી શકે છે, કેમ કે તે પરીક્ષામાં સફળતાના અવકાશ જોવા મળે છે. તે માટે તમારે કદાચ હાલના વસવાટનું સ્થળ છોડવું પણ પડે, જો તમે સ્થાન પરિવર્તનની તૈયારી રાખશો તો તે તમારા હિતમાં લેખાશે.નોકરીની દ્રષ્ટિએ માર્ચ સુધીનો સમય તમારી અપેક્ષા કરતાં ઘણો સારો રહેશે, તે પછી થોડો સમય કઠિનાઈમાં કાઢવો પડે. મે પછી સારું પરિણામ મેળવી શકશો, પણ તેના માટે તમારે સખત મહેનત કરવી પડશે.

- **નાણાંઃ** આગામી વર્ષની શરુઆતથી માર્ચ માસ સુધીના ગાળા દરમિયાન નાણાં બાબતે સામાન્ય પરિણામ મળી શકે. પરંતુ એપ્રિલ પછી તમારી આર્થિક સ્થિતિમાં થોડી-ઘણી વૃદ્ધિ થઈ શકે. જો કે, બચતની બાબતમાં આગામી વર્ષ નબળું સાબિત થઈ શકે છે. આ વર્ષે બચત કરવી તમારા માટે કઠિન બની રહેશે. એટલે, આગામી વર્ષ આવકની દ્રષ્ટિએ સારું રહેશે, પણ બચતની દ્રષ્ટિએ કમજોર રહેશે. એટલે આર્થિક બાબતે આ વર્ષે તમને એવરેજ પરિણામ મળશે.

- **શુભ દિવસઃ** ગુરુવાર અને રવિવાર
- **શુભ અંકઃ** ૩-૯
- **શુભ રંગઃ** પીળો, કેસરી, સોનેરી



મકર રાશી

- **સ્વાસ્થ્યઃ** વર્ષ દરમિયાન ખાસ કરીને તળેલા, વાસી કે જંક ફૂડને ત્યજવા જરૂરી છે. જાન્યુઆરીથી માર્ચ દરમિયાન સૂકી ખાંસી, કફના કારણે તબિયત બગડી શકે છે. ખાણી-પીણીમાં પૂરતું ધ્યાન આપવું. કેમ કે,જૂન પછી તમારી ખાણી-પીણી અસંયમિત થઈ શકે છે. જેના કારણે સ્વાસ્થ્ય પર તેની અસર પડી શકે છે. ઠંડાં પીણાં તો બિલકુલ ના લેવા, નહિતર મોટી બીમારીનો ભોગ બની શકો એમ છો, માટે ઘરનો સાદો આહાર જ લેવાનું રાખવું. નિયમિત કસરત તમને આ બધામાં બહુ મદદ કરશે, પણ તમારા શરીરને યોગ્ય હોય તેવી કસરત ડોક્ટરની સલાહ અનુસાર જ કરવી હિતાવહ છે.

-**પરિવારઃ** વર્ષની શરુઆતથી મે માસ સુધી પારિવારિક સંબંધો સારા બની રહેશે. મે માસ પછી પારિવારિક સંબંધોમાં થોડી કમજોરી આવી શકે છે, જેથી અગાઉ જેવાં પરિણામો મેળવવામાં અસમર્થ બનશો. આ દરમિયાન પરિવાર વચ્ચે અસંતુલન કે અસંતોષ જોવા મળી શકે. ઓગસ્ટ પછી પારિવારિક સમસ્યાઓ દૂર થઈ શકશે, એ પછી જૂની સમસ્યાઓમાંથી રાહતનો શ્વાસ લઈ શકશો, એ પછી પારિવારિક સહયોગમાં વૃદ્ધિ જોવા મળશે. તમે ક્યારેક પરિવારના સભ્યોના અવિશ્વાસ પાત્ર બની શકો છો, માટે પરિવારના તમામ સભ્યોને વિસ્વાસમાં લઈને જ કામકાજ કરજો.

- **વિદ્યાર્થી વર્ગઃ** સ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓએ બધું છોડીને માત્ર ને માત્ર ભણતરમાં જ ધ્યાન આપવું પડશે ને તો જ પરીક્ષામાં પાસ થઈ શકશે. અન્યતા કરેલી મહેનત પર પાણી ફરી વળે તેમ છે. માટે તમામ શોખ છોડીને અભ્યાસમાં લાગી જાવ એ જ હિતમાં છે.

- **કારકિર્દીઃ** હાલની નોકરીમાં પૂરા ખંતથી કામકાજ કરશો, કેમ કે નોકરીમાં બદલાવ આવી શકે છે. તમે કોઈ નોકરી કરો તો વારંવાર બદલ્યા ના કરતા, ત્યાં રહીને અમુક વર્ષનો અનુભવ મેળવવાનો પ્રયાસ કરો. જેથી ત્યાંના અનુભવમાં સ્કોર કરી શકો. જેથી ભવિષ્યમા નોકરીમાં મુશ્કેલી ઊભી ન થાય. માર્કેટિંગમાં જોબ મળવાના ચાન્સ છે, પણ એના માટે તમારે બહાર જવાની તૈયારી રાખવી પડશે.

- **નાણાંઃ** નાણાં બાબતે આગામી વર્ષ મિશ્ર ફળદાયી બની રહેશે. જૂન માસ પછી તમે સારી આવક મેળવી શકશો, પરંતુ કાંઈ બચત થઈ શકશે નહીં. બચત કરવા માટે તમારે આયોજન કરવું જરુરી થઈ પડશે. સપ્ટેમ્બર બાદ આવકમાં ઘટાડો થતો જોવા મળી શકે છે, એના બે માસ પછી આવકમાં વૃદ્ધિની શક્યતાની સાથે બચત પણ કરી શકશો. ક્યારેક નોકરી રહિત થવાનો વારો આવે તો, બેસી ના રહેશો. પણ એકવાર તો જે નોકરી મળે તેને સ્વીકારીને આગળ વધશો તો ભવિષ્યમાં તમને એ અનુભવના આધારે સારી કે વધુ સારી નોકરીની તક મળી શકે તેમ છે.

- **શુભ દિવસઃ** શનિવાર અને શુક્રવાર
- **શુભ અંકઃ** ૪-૮
- **શુભ રંગઃ** નેવી બ્લુ, કાળો, ડાર્ક બ્રાઉન, ગ્રે



કુંભ રાશી

- **સ્વાસ્થ્યઃ** આગામી વર્ષ દરમિયાન સ્વાસ્થ્યની પૂરતી તકેદારી રાખવી. શારીરિક પ્રકૃતિ અનુસાર ખાવા-પીવાનું અપનાવવું. માર્ચ સુધીનો સમય સ્વાસ્થ્ય માટે સારો નથી, તેથી આ ગાળા દરમિયાન બહારનાં ખાણી-પીણી ટાળવાં. જો તમને ગેસ, અપચો રહેતા હોય તો તેની સારવાર કરાવવી જરુરી છે. વર્ષ દરમિયાન ખાવા-પીવામાં અસંતુલન જોવા મળી શકે છે. તમને કમર, ઘૂંટણ કે હાથ-પગની સમસ્યા પજવી શકે છે, તેના ઉપચારથી સારું રહેશે. એ માટે તમારે યોગની મદદ લેવી પડશે. પોતાને ઊર્જાવાન બનવવાના તમામ ઉપાય કરવા પડશે.

- **પરિવારઃ** આ વર્ષે સંતાનોના ભણતરમાં જ તમારે વધુમાં વધુ ધ્યાન આપવું પડશે, એ માટે બહારગામ, ટુર બધું બંધ કરી તમારી નજર સામે જ સંતાનનો ભણાવવાં પડશે, નહિતર પસ્તાવાનો વારો આવશે, એ ધાર્યું પરિણામ નહીં લાવી શકે.ઘરના વડીલોની તબિયત બાબત એલર્ટ રહેવું, બની શકે તો તેમને એકલા મૂકીને ક્યાંય બહાર જવું નહિ. તેમની સંભાળ માટે ઘેર કોઈને રાખવાં.

- **વિદ્યાર્થી વર્ગઃ** ધો.૧૦-૧૨ના વિદ્યાર્થીઓ આ સાલ પરીક્ષામાં સારું પરિણામ મેળવીને પાસ થઈ શકશે. પણ માત્ર શાળાની મહેનત ઉપરાંત ઘેર, ટ્યુશન કે ક્લાસીસ પણ કરવા જરૂરી લાગે છે. સખતમાં સખત મહેનત જ તમને આ સાલ સફળતા અપાવી શકે એમ છે.

- **કારકિર્દીઃ** તમારી વાકપટુતાનો સારો ઉપયોગ કરી, નોકરી-ધંધામાં ઉત્તમ પ્રદાન કરી શકશો. વાત-ચીતમાં માહેર લોકો માટે દરેક ક્ષેત્રમાં સફળતાનો યોગ બને છે. પાછલા વર્ષની તુલનાએ આગામી વર્ષ સારું નિવડી શકે છે અને તમે નોકરીમાં રાહત અનુભવી શકશો. કારકિર્દી બાબતમાં પાછળના વર્ષમાં રહેલી પરેશાનીઓ આગામી વર્ષમાં દૂર થવા માંડશે. ખાસ કરીને માર્ચ માસ પછી બધી પરેશાનીઓ ટળી જશે, ને નવશક્તિ સાથે તમારી લક્ષ પ્રાપ્તિમાં લાગી જશો. સહકર્મીઓ સાથે સાચવીને કામકાજ કરવું. નોકરીમાં બદલાવ માટે આગામી વર્ષ ઉત્તમ બની રહે તેમ છે. તમને વારંવાર નોકરી બદલવાનું યોગ્ય લાગે ત્યારે એ તકને પકડી લેજો.

- **નાણાંઃ** વર્ષની શરુઆતથી મે માસ સુધીમાં શક્ય તેટલી બચત કરી શકશો. જુલાઈ સુધીમાં તમે તમારું આર્થિક પાસું વધુ મજબૂત કરી શકશો તેમજ બચતના નાણાંનો સરખો ઉપયોગ કરી શકશો. સપ્ટેમ્બર પછી થોડી નાણાં ભીડ જણાશે, પણ જો તમે આયોજનથી ચાલશો તો તેને પણ પહોંચી વળશો. નવેમ્બર પછી સારી આર્થિક પ્રગતિ કરી શકશો. કોઈને ક્યારેય ઉછીના રુપિયા આપવાની ભૂલ ના કરતા, નહીંતર રુપિયા તો ગુમાવશો અને તમારે પણ હેરાન થવાનો વારો આવી શકે છે. માટે વ્યાજે રુપિયા આપવાના ચક્કરમાં કે ઉછીના રુપિયા આપવાની જફામાં પડશો નહીં.

- **શુભ દિવસઃ** શનિવાર અને બુધવાર
- **શુભ અંકઃ** ૭-૧૧
- **શુભ રંગઃ** વાદળી, આસમાની, કાળો, જાંબુડિયો



મીન રાશી

- **સ્વાસ્થ્યઃ** આગામી વર્ષ કમજોર બની શકે છે. એપ્રિલ સુધીમાં કોઈ મોટી બીમારી નહીં આવે, પણ મે પછી નાની-મોટી સમસ્યા આવી શકે છે. ખાસ કરી પેટ, મગજ, મન-મસ્તક સંબંધી સમસ્યા સતાવી શકે છે. સ્વાસ્થ્ય સાચવણી માટે ચાંપતા ઉપાય કરવા પડશે. મે-જૂન પછી બધી સમસ્યામાંથી ક્રમશ મુક્તિ મળશે. સ્વાસ્થ્ય બાબતે વર્ષ દરમિયાન સાવચેતી રાખવી પડશે.એમાંય ડોક્ટરી સારવાર કે નિદાનમાં વિલંબ ના કરવો, નહીતર પીડા-ઉપાધિ વધી શકે છે. ખાણી-પીણીમાં અતિ સાવધ રહેવું અને નિયમિત એક્સરસાઈઝ કરવી જરૂરી છે.

-**પરિવારઃ** પારિવારિક મામલામાં આગામી વર્ષમાં સારા પરિણામ મેળવી શકશો. એપ્રિલ સુધીમાં પારિવારિક અનુકૂળતાનો ગ્રાફ વધશે. પણ, જૂન પછી થોડી-ઘણી ગેરસમજ સર્જાઈ શકે છે. અંદરોઅંદરની સમજમાં બધાં અસમર્થ હોવાથી થોડો-ઘણો મતભેદ જોવા મળી શકે છે. જોકે, એમાં કોઈ મોટી સમસ્યા નહીં આવે. પરંતુ જૂની અને જટિલ સમસ્યાઓ ધીમે ધીમે દૂર થવા લાગશે. ભૂતકાળની પારિવારિક સમસ્યાઓ દૂર થશે અને આગામી દિવસોમાં પરિવારમાં આનંદનો માહોલ બની રહેશે.

- **વિદ્યાર્થી વર્ગઃ** ધો.૧થી ૧૨ના તમામ વિદ્યાર્થીઓને આ સાલ ભણવામાં આંખ આડા કાન કર્યે નહીં ચાલે. મોજ-મસ્તી છોડી ભણવામાં વધુમાં વધુ ધ્યાન આપશો તો જ આગળના ધોરણમાં આવી શકો એમ છો, અન્યથા એ જ ધોરણમાં ના રહેવું પડે એનું ધ્યાન રાખીને અભ્યાસમાં લાગી જજો.

- **કારકિર્દીઃ** માર્ચ માસ પછી થોડી કઠિનાઈઓ વધી શકે છે, તેમાં જો તમે ઈમાનદારીથી કામ કરશો તો નોકરી સુરક્ષિત રાખી શકશો. વર્ષ દરમિયાન કઠિનાઈઓનો સામનો કરવો પડશે, પરંતુ પરિણામ તમારા પક્ષમાં આવતું જણાશે. કારકિર્દી બાબતમાં મિશ્ર પરિણામ મળી શકે છે. નાની-મોટી કઠિનાઈઓને અંતે તમે તમારા લક્ષ્ય સુધી પહોંચી શકશો. આ સમયગાળા દરમિયાન તમારા નોકરી-ધંધામાં પ્રમોશનની શક્યતા જણાય છે.

- **નાણાંઃ** આગામી વર્ષની શરુઆતથી મે માસ સુધી આર્થિક લાભ સારો મળી રહેશે. તમે ઈચ્છશો તો સારી એવી બચત પણ કરી શકશો. પણ કોઈને વ્યાજે કે ઉછીના રુપિયા આપતાં પહેલાં સો વાર વિચાર કરશો. નહિતર એ રુપિયા પરત લેવા મુશ્કેલ બની શકે છે. વર્ષાન્તે બચતનું સારું રોકાણ કરી શકશો. જો કે, રોકાણમાં પણ પૂરતી સાવધાની રાખવી જરુરી બની રહેશે.

- **શુભ દિવસઃ** ગુરુવાર અને સોમવાર
- **શુભ અંકઃ** ૩-૭
- **શુભ રંગઃ** પીળો, કેસરી, આછો જાંબલી, સફેદ













ખાંભાના ભૂંડણી ગામે ૭૦ ફૂટ ઊંડા કૂવામાં ખાબકેલી નીલગાયનું વન વિભાગે રેસ્ક્યુ કર્યું

ગીર પૂર્વ વન વિભાગની તુલસીશ્યામ રેન્જની ટીમે જટિલ કામગીરી હાથ ધરી નીલગાયને સલામત બહાર કાઢી



ખાંભા, તા.૦૯

ખાંભા તાલુકાના ભૂંડણી ગામે આવેલી એક વાડીમાં અંદાજે ૭૦ ફૂટ ઊંડા કૂવામાં નીલગાય પડી જતાં સ્થાનિક લોકોમાં ચિંતા ફેલાઈ હતી. આ બનાવની જાણ સ્થાનિક લોકો દ્વારા ગીર પૂર્વ વન વિભાગના ધારી હેઠળની તુલસીશ્યામ રેન્જને કરવામાં આવી હતી. જાણ મળતાં જ વન વિભાગની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી અને કૂવામાં પડેલી નીલગાયને બચાવવા માટે રેસ્ક્યુ કામગીરી હાથ ધરી હતી. કૂવો અંદાજે ૭૦ ફૂટ ઊંડો હોવાથી નીલગાયને બહાર કાઢવી વનકર્મીઓ માટે મુશ્કેલ કામગીરી બની હતી. જોકે, વન વિભાગના કર્મચારીઓએ હિંમત અને કુશળતાનો પરિચય આપીને ભારે જહેમત ઉઠાવી હતી. લાંબા સમય સુધી ચાલેલી મહેનત અને જટિલ રેસ્ક્યુ કામગીરી બાદ આખરે નીલગાયને સુરક્ષિત રીતે કૂવામાંથી બહાર કાઢવામાં સફળતા મળી હતી. ત્યારબાદ નીલગાયને વધુ તપાસ અને સારવાર માટે જસાધાર એનિમલ કેર ખાતે લઈ જવામાં આવી હતી. જ્યાં પશુચિકિત્સકો દ્વારા તેની તબીબી તપાસ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન જરૂરી કાળજી રાખ્યા બાદ નીલગાયને ફરીથી તેના કુદરતી રહેઠાણમાં મુક્ત કરવામાં આવી હતી.વન વિભાગની ટીમે સમયસર ઘટનાસ્થળે પહોંચી નીલગાયનો જીવ બચાવવા કરેલી કામગીરીને સ્થાનિક ગ્રામજનોએ બિરદાવી હતી. આ ઘટનાએ વન્યજીવોની સુરક્ષા અને સંરક્ષણ માટે વન વિભાગની સતર્કતા તથા કામગીરીનું ઉદાહરણ પૂરું પાડ્યું છે.

રાજુલાના ભેરાઈ ગામે આગામી ગ્રામ પંચાયતની ચૂંટણીના મનદુ:ખમાં બબાલ

છરી વડે જાનથી મારવાની પણ ધમકી આપી

રાજુલા, તા. ૯

રાજુલાના ભેરાઈ ગામે આગામી ગ્રામ પંચાયતની ચૂંટણીના મનદુ:ખમાં બબાલ થઈ હતી. ભરતભાઈ દદુભાઈ રામ (ઉં.વ. ૩૦)એ હમીરભાઈ મુળુભાઈ રામ સામે ફરિયાદ નોંધાવી હતી.

પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, આગામી સમયમાં ભેરાઈ ગામની ગ્રામ પંચાયતની ચૂંટણી આવવાની છે. જેથી તેમણે સરપંચ તરીકે 'મારે ઉમેદવારી નોંધાવવાની છે' તેવી જાહેરાત શેરીમાં કરી હતી. આરોપી પણ ઉમેદવારી નોંધાવવાના હોય, જેનું મનદુ:ખ રાખીને તેમણે ઘરની સામે શેરીમાં આવી, તેમને ફોન કરી બહાર બોલાવી જેમ ફાવે તેમ ગાળો આપી એક ઝાપટ મારી હતી. જેથી તેઓ બીકના માર્યા પોતાના ઘરમાં જતા રહ્યા હતા. આરોપીએ ઘરમાં ઘૂસીને તેમનો કોલર પકડી રાખી વાસાના ભાગે તથા મોઢાના ભાગે ઝાપટો મારી હતી. ઉપરાંત, ઢીકાનો મૂંઢમાર માર્યો હતો. તેમના પિતા છોડાવવા વચ્ચે આવતા તેમને પણ શરીરે ઢીકાપાટુનો માર માર્યો હતો. તેમની માતા તથા બહેન તેમને છોડાવવા વચ્ચે આવતા બંનેને ધક્કો મારી પછાડી દીધા હતા. તેમની માતાને હાથના ભાગે ઈજા કરી જેમ ફાવે તેમ ગાળો આપી, છરી વડે જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. મરીન પીપાવાવ પોલીસ સ્ટેશનના એએસઆઈ જી. બી. ઝીંઝાળા વધુ તપાસ કરી રહ્યા છે.

રાજુલામાં રાત્રે બંધ દુકાનોના તાળાં ફંફોળતો યુવક ઝડપાયો

રાજુલા, તા.૦૯

અમરેલી જિલ્લામાં ધીમા પગલે શિયાળાની શરૂઆત થઈ ગઈ છે, ત્યારે રાજુલામાં રાત્રે બંધ દુકાનોના તાળાં ફંફોળતો યુવક ઝડપાયો હતો. આગરીયા જકાત નાકા પાસેથી અયુબ ઉર્ફે મસ્તાન રજાકભાઈ ચોકીયા (ઉં.વ.૨૬) રાત્રિના અંધારામાં કોઈ મિલકત વિરુધ્ધનો ગુનો કરવાના ઈરાદે રખડતો-ભટકતો અને લપાતો-છુપાતો બંધ દુકાનોના તાળાં ફંફોળતો શંકાસ્પદ હાલતમાં મળી આવ્યો હતો. તેમજ પોતાની હાજરી અંગે કોઈ સંતોષકારક જવાબ આપી શક્યો નહોતો. આ અંગે રાજુલા પોલીસ સ્ટેશનના એએસઆઈ બી. એમ. વાળા વધુ તપાસ કરી રહ્યા છે.

લાઠીના ભાલવાવ ગામેથી યુવતી લાપતા

લાઠી,તા.૦૯

લાઠીના ભાલવાવ ગામેથી એક યુવતી ગુમ થઈ હોવાનો બનાવ સામે આવ્યો છે. પરિવાર દ્વારા શોધખોળ કરવા છતાં કોઈ ભાળ ન મળતાં આખરે પોલીસને જાણ કરવામાં આવી હતી.બનાવ અંગે દિનેશભાઈ રણછોડભાઈ સુતરિયા (ઉં.વ. ૪૮) એ જાહેર કર્યા મુજબ, તેમની દીકરી કૃપાલી (ઉં.વ.૨૧) પોતાના ઘરેથી કોઈને પણ કહ્યા વગર ચાલી ગઈ હતી અને આજદિન સુધી તપાસ કરવા છતાં તેની કોઈ ભાળ મળી નથી. આ અંગે દામનગર પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ કે. આર. સાંખટે વધુ તપાસ હાથ ધરી છે.

દીપાવલી તેમજ
નૂતન વર્ષ પર્વ નિમિત્તે
હાર્દિક શુભકામના

ટેકાનાં ભાવે જણસીઓની ખરીદી.
મલ્ટી કોમોડીટી કલીનીક અને ગ્રેડીંગ ફેસીલીટી.
વે-બ્રિજ તેમજ પોટર કુલરની સુવિધા.
ખેડુતો માટે કેન્ટીનની સુવિધા
ખેડૂત ખાતેદારો માટે આકસ્મિક વીમા યોજના.
આકર્ષક ઓક્ષન શેડ, આર.સી.સી.રોડ.
ખેડૂતોને રાત્રી રોકાણ માટે ગેસ્ટ હાઉસની સુવિધા

શુભેચ્છક

પીઠાભાઈ કે. નકુમ
વા. ચેરમેન
રાજેશભાઈ કે. કાકડીયા
સેક્રેટરી
રાજેશભાઈ આર. પરસાણા
ચેરમેન

તથા બોર્ડ ઓફ ડિરેકટરશ્રીઓ

શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ – રાજુલા

શુભ દીપાવલી
નૂતન વર્ષાભિનંદન

આજના મંગલ પ્રભાતથી પ્રારંભ થતું નવુ વર્ષ સર્વોને
સુખદાયી નીવડે તથા દરેક શુભ સંકલ્પો અને
રિધ્ધિ સિધ્ધિના સુંદર શમણાઓ સાકાર બનાવે તેવી શુભકામનાઓ...

શુભેચ્છક

શ્રી દિપકભાઈ માલાણી – પ્રમુખશ્રી
શ્રી રાજુભાઈ માલાણી – મેનેજરશ્રી
તથા તમામ ડીરેકટરશ્રીઓ તેમજ કર્મચારી ગણ
સાવરકુંડલા તાલુકા ખરીદ વેચાણ સંઘ, મું. સાવરકુંડલા

દીપાવલી તેમજ
નૂતન વર્ષ પર્વ નિમિત્તે
હાર્દિક શુભકામના

શુભેચ્છક

અમરેલી બિલ્ડર એસોસિએશન

હિંમતભાઈ સોળિયા - પ્રમુખશ્રી
ઉપપ્રમુખ :- શ્રી રાજુભાઈ શિયાણી, દીપકભાઈ મહેતા, દયાળભાઈ સંઘાણી
ખજાનચી :- હિરેનભાઈ રાસડીયા, જયંતીભાઈ મનાણી, મનસુખભાઈ ચૌહાણ
સહખજાનચી :- જયસુખભાઈ દેવાણી, ચંદુભાઈ ખણેચા
મહામંત્રી :- ચંદુભાઈ વોરા, સંજયભાઈ વાગડિયા
મંત્રી :- દિવ્યેશભાઈ તળાવીયા, મહેશભાઈ જાવિયા, પારસભાઈ છત્રોલા
સહમંત્રી :- વિજયભાઈ કાછડીયા, જયસુખભાઈ પાનેલીયા
તથા તમામ કારોબારી સભ્યશ્રીઓ સલાહકાર
સમિતિ સભ્યશ્રીઓ અને તમામ હોદ્દાદારશ્રીઓ

દીપાવલી તેમજ નૂતન વર્ષ પર્વની શુભકામના

આજના મંગલ પ્રભાતથી પ્રારંભ થતું નવુ વર્ષ સર્વોને
સુખદાયી નિવડે તથા દરેક શુભ સંકલ્પો અને
રિધ્ધિ સિધ્ધિના સુંદર શમણાઓ
સાકાર બનાવે તેવી શુભકામનાઓ...



શ્રી દિલીપભાઈ સંઘાણી સાહેબ
સ્થાપક – ચેરમેન





શ્રી પરશોતમભાઈ રૂપાલા સાહેબ
સ્થાપક – ડિરેકટર



ડો. આર.એસ. પટેલ
(મેનેજિંગ ડિરેકટર)



શ્રી મુકેશભાઈ સંઘાણી
(વાઈસ ચેરમેન)



શ્રી અશ્વિનભાઈ સાવલીયા
(ચેરમેન)

અમરેલી જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. – અમર ડેરી

:: બોર્ડ ઓફ ડિરેકટરશ્રીઓ ::

શ્રી માવજીભાઈ ગોલ
શ્રી ચંદુભાઈ રામાણી
શ્રી ઠાકરશીભાઈ શીયાણી
શ્રી કમલેશભાઈ સંઘાણી
શ્રી અરૂણભાઈ પટેલ
શ્રી રામજીભાઈ કાપડીયા
શ્રી રાજેશભાઈ માંગરોળીયા
શ્રી એ.કે. ત્રિપાઠી

રેખાબેન કાકડીયા
જયાબેન રામાણી
ભાનુબેન બુહા
ભાવનાબેન ગોંડલીયા
અરૂણાબેન માલાણી
ભાવનાબેન સતાસીયા
કંચનબેન ગઢીયા

દીપાવલી તેમજ નૂતન વર્ષ પર્વની શુભકામના

આજના મંગલ પ્રભાતથી પ્રારંભ થતું નવુ વર્ષ સર્વોને
સુખદાયી નિવડે તથા દરેક શુભ સંકલ્પો અને
રિધ્ધિ સિધ્ધિના સુંદર શમણાઓ
સાકાર બનાવે તેવી શુભકામનાઓ...





શુભેચ્છક

ગીતાબેન રમેશભાઈ માંડણકા - પ્રમુખ
વિલાસબેન જશુભાઈ ખુમાણ - ઉપપ્રમુખ
અરવિંદભાઈ કાકડિયા - ચેરમેન કારોબારી
સરોજબેન સંદીપભાઈ સોલંકી - ચેરમેન સામજિક ન્યાય સમિતિ
રાજુભાઈ કાછડીયા - દંડક તાલુકા પંચાયત
પાયલબેન વિરમભાઈ મેવાડા - પક્ષના નેતા

સદસ્યો

આશિષ કિશોરભાઈ દેવમુરારી
મંજુલાબેન પ્રેમજીભાઈ બાવીશી
સુરેશભાઈ ખીમજીભાઈ પાથર
ભાવનાબેન નાથાલાલ સુખડિયા
કોમલબેન લક્ષ્મીશંકર તેરૈયા
જયદીપભાઈ નજુભાઈ ઘાઘલ
જગદીશભાઈ મનુભાઈ પોકળ
નાગજીભાઈ પ્રેમજીભાઈ મકવાણા
અંબાબેન મુકેશભાઈ રૂપાવટીયા
અલ્પાબેન ઘનશ્યામભાઈ ગઢિયા

અમરેલી તાલુકા પંચાયત - અમરેલી.

દિવાળી અને નૂતન વર્ષાભિનંદનની હાર્દિક શુભેચ્છાઓ

પ્રકાશના પર્વ દિવાળીના પાવન અવસરે આપના જીવનમાં સુખ, શાંતિ, સમૃદ્ધિ અને આનંદનો અખૂટ પ્રકાશ પથરાય તેવી હાર્દિક શુભકામનાઓ.

નવા વર્ષનું દરેક નવું સવાર આપના જીવનમાં નવી આશા, નવી સફળતા અને પ્રગતિની નવી તકો લઈને આવે. આપના પરિવાર પર માતા લક્ષ્મીજીની અસીમ કૃપા વરસતી રહે અને જીવન હંમેશાં ખુશીઓથી મહેકતું રહે તેવી હૃદયપૂર્વક પ્રાર્થના.

આપ સૌને દિવાળીના પાવન પર્વ તથા નૂતન વર્ષાભિનંદનની હાર્દિક શુભેચ્છાઓ!

શુભેચ્છક:


મુકેશભાઈ ગોલણભાઈ બારૈયા (પ્રમુખ)


બારૈયા દિનેશભાઈ ખીમાભાઈ (ઉપપ્રમુખ)


દિતાભાઈ નાજાભાઈ શિયાળ (ઉપપ્રમુખ)

માછીમાર બોટ એસોસિએશન શિયાળ બેટ - જાફરાબાદ.

શુભ દીપાવલી



...શુભેચ્છક...

શ્રી સામતભાઈ એસ. જેબલીયા
મો. ૯૪૨૬૯ ૭૧૬૮૨,
૬૩૫૫૦ ૩૨૨૭૪
પ્રમુખશ્રી, ભારતીય કિશાન સંઘ
અમરેલી જિલ્લા
પૂર્વ પ્રદેશ મંત્રીશ્રી
ભારતીય કિશાન સંઘ ગુજરાત

સુમુખ કિશાન ટ્રેડીંગ
ઓફીસ : નવુ માર્કેટીંગ યાર્ડ,
સાવરકુંડલા રોડ, દુકાન નં. એ-૬
ગ્રાઉન્ડ ફલોર - અમરેલી
રેસી. મુ. દેવળીયા (ચકકરગઢ)
દાનેવ કૃપા, તા.જી. અમરેલી

શુભ દીપાવલી
નૂતન વર્ષાભિનંદન

ADITYA BIRLA
UltraTech

દિવાળી અને નૂતન વર્ષની હાર્દિક શુભકામનાઓ. આ ઉજવણી તમારા જીવનમાં ખુશીઓ, શાંતિ અને સમૃદ્ધિ લાવે...

અલ્ટ્રાટેક સિમેન્ટ લીમીટેડ
નર્મદા સિમેન્ટ જાફરાબાદ વર્કસ

શુભ દીપાવલી નૂતન વર્ષાભિનંદન

આજના મંગલ પ્રભાતથી પ્રારંભ થતું નવું વર્ષ સર્વોને સુખદાયી નિવડે તથા દરેક શુભ સંકલ્પો અને રિધ્ધિ સિધ્ધિના સુંદર શમણાઓ સાકાર બનાવે તેવી શુભકામનાઓ.....



શુભેચ્છક

દિગ્વિજયભાઈ વરૂ
પાટી માણસા
(કોહિનૂર રોડલાઇન્સ)

શુભ દીપાવલી

નૂતન વર્ષાભિનંદન

...શુભેચ્છક...

શ્રી સિધ્ધેશ્વર મહાદેવ એન્ટરપ્રાઈઝ
અમરેલી.

નૂતન વર્ષાભિનંદન



યહ દીપો કા પર્વ હૈ, ઈસકા સુનહરા અર્થ હૈ,
મન પર કા અંધેરા ન મિટ સકે તો
દીપ જલાના વ્યર્થ હૈ...
દીપાવલી એવમ્ નૂતન વર્ષ કી
ઢેર સારી શુભકામનાએ...

શુભેચ્છક...

શ્રી કરશનભાઈ પુનાભાઈ ભીલ
કારોબારી ચેરમેનશ્રી, જિલ્લા પંચાયત અમરેલી

શુભ દીપાવલી
નૂતન વર્ષાભિનંદન

આજના મંગલ પ્રભાતથી પ્રારંભ થતું નવું વર્ષ સર્વોને સુખદાયી નિવડે અને આપનો પરિવાર હર - હંમેશ સુખમય રહે અને નૂતન વર્ષ આપના માટે મંગલમય રહે એવી શુભકામનાઓ

શુભેચ્છક

બોરડ પ્રકાશભાઈ

શુભ દીપાવલી

:: શુભેચ્છક ::

ગુલજાર ગૃપ - વડિયા

શુભ દીપાવલી
નૂતન વર્ષાભિનંદન

આજના મંગલ પ્રભાતથી પ્રારંભ થતું નવું વર્ષ સર્વોને સુખદાયી નિવડે અને આપનો પરિવાર હર - હંમેશ સુખમય રહે અને નૂતન વર્ષ આપના માટે મંગલમય રહે એવી શુભકામનાઓ.

જય માતાજી કન્સ્ટ્રકશન
જાફરાબાદ

JMC
JAY MATAJI
CONSTRUCTION

શુભ દીપાવલી

આજના મંગલ પ્રભાતથી પ્રારંભ થતું નવું વર્ષ સર્વોને સુખદાયી નિવડે અને આપનો પરિવાર હર - હંમેશ સુખમય રહે અને નૂતન વર્ષ આપના માટે મંગલમય રહે એવી શુભકામનાઓ

શુભેચ્છક

તુષારભાઈ પી. ગણાત્રા
કારોબારી ચેરમેન, તાલુકા પંચાયત કુંકાવાવ - વડિયા

શુભ દીપાવલી

નૂતન વર્ષાભિનંદન

શુભેચ્છક

શ્રી લાલજીભાઈ વી. દેસાઈ
શ્રી હસુભાઈ વી. દેસાઈ
શ્રી ભરતભાઈ વી. દેસાઈ
શ્રી પંકજભાઈ એલ. દેસાઈ
શ્રી ચિરાગભાઈ એલ. દેસાઈ
શ્રી પ્રશાંતભાઈ એચ. દેસાઈ
શ્રી મિલનભાઈ બી. દેસાઈ

-: ફર્મ :-
મિલન કોટન, ચિતલ
દેસાઈ કોટન, ચિતલ
ચિમલ કપાસીયા ખોળ, ચિતલ
ગ્રીન ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ચિતલ

શુભ દીપાવલી
નૂતન વર્ષાભિનંદન

શુભેચ્છક...

શ્રી હસમુખભાઇ કોરાટ - સરપંચશ્રી
શ્રી શામળાભાઇ બલદાણીયા - ઉપસરપંચશ્રી
ચિરાગભાઇ ચાવડા - મંત્રીશ્રી
સભ્યશ્રીઓ

શ્રી રોહિતભાઇ સરધારા
પુનમબેન બલદાણીયા
શ્રી કેશુભાઇ કાતરીયા
મંજુલાબેન બલદાણીયા
હીરૂબેન ચાવડા
ચંપાબેન ચાવડા

ગ્રામપંચાયત ડાંગાવદર, તા.ધારી

શુભદીપાવલી

નૂતન વર્ષાભિનંદન

દિવાળીના તહેવારમાં લક્ષ્મીજી તમારા દ્વારે પધારે...
સુખ, સમૃધ્ધિ, યશ, કિર્તિ, ધન વૈભવને તમો પામો

શુભેચ્છક

શ્રી ભરતભાઈ પી. વઘાસીયા
મોહિત બી. વઘાસીયા
વિવેક બી. વઘાસીયા

હરેશ
કન્સ્ટ્રકશન કંપની
અમરેલી

આપ સભી કો
નૂતન વર્ષાભિનંદન
की शुभकामनाए

શુભેચ્છક

જીતેન્દ્રકુમાર મનસુખલાલ સાદરાણી
સરદાર પટેલ વિદ્યાલય, વડીયા
શ્રી મિતુલભાઈ કાંતીલાલ ગણાત્રા
મહામંત્રી ડિસ્ટ્રીકટ ચેમ્બર ઓફ કોમર્સ, અમરેલી
પ્રમુખ ચેમ્બર ઓફ કોમર્સ, વડીયા

શુભ દીપાવલી
નૂતન વર્ષાભિનંદન

આજના મંગલ પ્રભાતથી પ્રારંભ થતું નવું વર્ષ સર્વોને સુખદાયી નિવડે અને આપનો પરિવાર હર - હંમેશ સુખમય રહે અને નૂતન વર્ષ આપના માટે મંગલમય રહે એવી શુભકામનાઓ

શુભેચ્છક...

શ્રી કુલદિપભાઈ ઘનશ્યામભાઈ વરૂ
પ્રમુખશ્રી જાફરાબાદ તાલુકા યુવા ભાજપ
મુ.પાટી માણસા




શુભ દીપાવલી

નૂતન વર્ષાભિનંદન

મંગલ પ્રભાતથી પ્રારંભ થતું નવું વર્ષ સર્વોને સુખદાયી નિવડે તથા
રિધ્ધિ સિધ્ધિના સુંદર શમણાઓ સાકાર બનાવે તેવી શુભકામનાઓ...

શુભેરચ્છક


શ્રી છબીલભાઈ ડી. સુહાગીયા


શ્રી દેવચંદભાઈ કે. કપોપરા
(ટ્રસ્ટીશ્રી ખોડલધામ-કાગવડ)

મે. યોગેશ્વર ડાયમંડ્સ

(હિપાવડલીવાળા)
નેસડી રોડ, સાવરકુંડલા
ફોન : (૦૨૮૪૫) ૨૨૩૯૬૦


શ્રી દિનેશભાઈ કે. કપોપરા


શ્રી કિશોરભાઈ બી. ડાવરા


શ્રી મયુરભાઈ સી. સુહાગીયા


શ્રી નંદલાલભાઈ કે. કપોપરા

શુભ દીપાવલી

નૂતન વર્ષાભિનંદન

મંગલ પ્રભાતથી પ્રારંભ થતું નવું વર્ષ સર્વોને
સુખદાયી નિવડે તથા રિધ્ધિ સિધ્ધિના સુંદર શમણાઓ સાકાર બનાવે
તેવી શુભકામનાઓ...

:: શુભેચ્છક ::

શ્રી જે. વી. કાકડીયા

ધારાસભ્યશ્રી
ધારી-ખાંભા-બગસરા મતવિસ્તાર



શુભ દીપાવલી

નૂતન વર્ષાભિનંદન


શ્રી પરશોતમભાઈ રૂપાલા
કેન્દ્રીય મંત્રીશ્રી
(સંસ્થાના માર્ગદર્શક)

આજના મંગલ પ્રભાતથી પ્રારંભ થતું
નવું વર્ષ સર્વોને સુખદાયી નીવડે અને આપ અને
આપનો પરિવાર હર હંમેશ સુખમય રહે અને નૂતન વર્ષ
આપના માટે મંગલમય રહે એવી શુભકામનાઓ.


ગુરૂવર્યશ્રી એચ. એલ. પટેલ સાહેબ
પૂર્વ પ્રિન્સીપાલશ્રી, સાયન્સ કોલેજ
અમરેલી. (સંસ્થાના માર્ગદર્શક)

શિક્ષકો એ જ સંચાલકો - માર્ગદર્શકો


નિલેષભાઈ ગજેરા
M.Sc.,M.Phil.,B.Ed.
એજ્યુકેશનલ ડાયરેકટર


મયુરભાઈ ગજેરા
M.Sc.,M.Phil.,B.Ed.
સંસ્થાના સ્થાપક, સ્વપ્નદ્રષ્ટા


પ્રહલાદભાઈ વામજા
M.Sc.,M.Phil.,B.Ed.
કેમ્પસ ડાયરેકટર

ઓકસફર્ડ સ્કૂલ ઓફ સાયન્સ
કેરીયા રોડ, સંજોગ ન્યૂઝની બાજુમાં,
અમરેલી, ફોન : ૦૨૭૯૨-૨૩૦૦૧૦-૨૦,મો.૯૩૫૨૯ ૨૯૮૫૫

શુભ દીપાવલી

નૂતન વર્ષાભિનંદન



વિ.સંવત ૨૦૮૩નું નવુ વર્ષ આપ
તથા આપના પરિવાર માટે મંગલમય
નિવડે એજ અભ્યર્થના....

શુભેચ્છક

વિજયસિંહ બી. વાઘેલા

મહામંત્રી, સાવરકુંડલા શહેર ભાજપ
ઉપ પ્રમુખ ગુજરાત રાજપુત યુવા સંઘ-સાવરકુંડલા





આજના મંગલ પ્રભાતથી પ્રારંભ થતું નવું વર્ષ સર્વોને સુખદાયી નિવડે
આપ અને આપનો પરિવાર હર હંમેશ સુખમય રહે અને
નૂતન વર્ષ આપના માટે મંગલમય રહે એવી શુભકામનાઓ.

:: શુભેચ્છક ::

શ્રી જીતુભાઈ વિછીયા
હરીૐ કન્સ્ટ્રકશન કું.

શુભ દીપાવલી

નૂતન વર્ષાભિનંદન

આજના વિક્રમ સંવત ૨૦૮૩ના નવા વર્ષના
મંગલ પ્રભાતથી પ્રારંભ થતું નવું વર્ષ સર્વોને
સુખદાયી નિવડે તથા દરેક શુભ સંકલ્પો અને રિધ્ધિ સિધ્ધિના
સુંદર શમણાઓ સાકાર બનાવે તેવી શુભકામનાઓ...

:: શુભેચ્છક ::

શ્રી મુરલીધર કન્સ્ટ્રકશન કું.
હાર્દિકભાઈ રામભાઈ સાનેપરા

શુભ દીપાવલી

નૂતન વર્ષાભિનંદન

આજના મંગલ પ્રભાતથી પ્રારંભ થતું નવું વર્ષ
સર્વોને સુખદાયી નિવડે
અને આપનો પરિવાર હર હંમેશ સુખમય
રહે અને નૂતન વર્ષ આપના માટે
મંગલમય રહે એવી શુભકામનાઓ.

:: શુભેચ્છક ::

વી.એમ. સોજીત્રા
શ્રી હરિકૃષ્ણ કોર્પોરેશન - માણેકવાડા

શુભ દીપાવલી

નૂતન વર્ષાભિનંદન

Sarjan
The Creative Team

Sarjan Construction Pvt. Ltd.

Our Business Verticals :
1) Construction Division
2) Sarjan Solar Division
3) Sarjan Skill Development
4) Leo Nutriscience LLP (Sarjan Pharma Division)

Regd. Head Office
8-9, 1st Floor, Dandev Complex,
Swaminarayan Road,
Rajula-365560,
Dist : Amreli, Gujarat
Ph No: 02794- 222562 / 220183

Corporate Office
8-9-10, 2nd Floor, Yogeshwar Complex,
Gulab Tower Road,
Nr. Sola Over bridge,
Thaltej,
Ahmedabad-365560,Gujarat
Ph No: 079-27432562

Email: info@sarjanconstruction.com
Website: www.sarjanconstruction.com

CRISIL MSE 2*
TUV SUD
NABCB QM 011
ISO 9001-2015 CERTIFIED COMPANY

